**સુવિચાર**
''સંસ્કાર મોલમાંથી નહીં, પારિવારિક માહોલમાંથી મળતા હોય છે.''
:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૫/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ વૈશાખ વદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૧૨૮

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ્હસ્તે અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાની ઉપસ્થિતિમાં

# રાજુલા ખાતે ૧૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ

**હોસ્પિટલમાં ઓ.પી.ડી., પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી, બાળરોગ સહિત ૧૦ જેટલી સારવાર અપાશે**

**દર્દીનારાયણની તમામ સારવાર નિઃશુલ્ક કરવામાં આવશે**

**રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા અનેરી સેવા કરવામાં આવશે**

**સાંસદ સુતરીયા, પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા**


















અમરેલી, તા. ૧૩

રાજુલા પંથકના નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે વિશિષ્ટ સુવિધા પ્રાપ્ત થઈ છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજુલા મુકામે 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત આ ૧૦૦ બેડની નિઃશુલ્ક હોસ્પિટલ થકી રાજુલા સહિત આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે. આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં બુધવારના રોજ હોસ્પિટલનો શુભારંભ થયો હતો.

આધુનિક સુવિધાઓથી સજજ આ હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ હોસ્પિટલ શરૂ થતાં રાજુલા પંથકના દર્દીઓને સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો થશે અને સ્થાનિક સ્તરે જ સમયસર અને ઉત્તમ સારવાર મળી શકશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ હાસ્પિટલના આઈ.સી.યુ, ટ્રોમા સેન્ટર, ઓપરેશન થિયેટર,

**અનુસંધાન પાના ૬ ઉપર**

**સુશ્રુત** આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વાં (દુખાવા), સ્ત્રીરોગ ➡ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**1,47,900/-** (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
✆ 63549 73131
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત
## ચાલુ ટ્રકમાંથી શીંગની બોરી પડી જતા પેરોલ ફર્લો સ્કવોર્ડ ટ્રક ડ્રાઈવરને પરત અપાવી

**ટ્રક ચાલક પોલીસની કામગીરીથી ખુશ**



અમરેલી, તા. ૧૩

અમરેલી એમ.ડી. ગોહિલ ઈન્ચા. પો.સબ ઈન્સ. પેરોલ ફર્લો સ્કવોર્ડના સીધા સુપરવીઝન હેઠળ પેરોલ ફર્લો ટીમ સાવરકુંડલાથી અમરેલી તરફ પેટ્રોલીંગ દરમ્યાન રસ્તામાં શીંગની બોરીઓ (કોથળા)

**અનુસંધાન પાના ૬ ઉપર**

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
**અમરેલી માં...**
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. જતીન વખારિયા** કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. પાર્થ જોષી** MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી **ડો. સંદીપ ખેની** હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. શ્રેયા બુટાલા** MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | **ડો. પ્રિતિશ શાહ** એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી) કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ |

**આસ્થા હોસ્પિટલ**
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. ✆ 8401801066

**શ્રીજી વિદ્યાર્થી ભુવન**
શ્રી સરસ્વતી વિદ્યાલય
હોસ્ટેલ પ્રવેશ.. હોસ્ટેલ પ્રવેશ..
દિપક પી. વઘાસિયા સંચાલકશ્રી
ધોરણ : ૪ થી ૧૨
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સ્કૂલ - હોસ્ટેલની ઉતમ સુવિધા
■ ટેક્નોલોજી એડેડ સ્કૂલ ■ સંપૂર્ણ AC સ્કૂલ
■ પોસાય તેવી ફી ■ કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
■ માઈન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પ્રોગ્રામ
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવો..
હોસ્ટેલ પ્રવેશ
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન
એસ.ટી. ડિવિઝન પાસે, લાઠી રોડ, અમરેલી / મો.૯૪૨૯૯ ૭૯૯૪૨/૬૩૫૧૯ ૬૪૨૭૩/૭૦૪૩૦ ૧૯૭૨૭

ડો. જીતેન્દ્ર એ. સોલંકી
એમ.એસ.(ઓપ્થલ)
આંખના સર્જન
**શિવમ્**
**આંખની હોસ્પિટલ**
ઉપલબ્ધ સુવિધાઓ.....
• મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
• નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
• આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
• કોન્ટેકટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
• પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
• આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
• દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર
માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે,
અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯

### કાળઝાળ ગરમીમાં સિંહોએ પણ પાણીનો લીધો સહારો

# સાવરકુંડલાના ઘોબા ગામે નદીમાં ડૂબકી લગાવતા ''ભોલો'' અને ''બૂસો'' નામના સિંહનો અદ્‌ભુત વીડિયો વાયરલ

**જિલ્લામાં ઉંચા તાપમાનથી માનવીથી લઈને પશુપક્ષીઓ પણ ત્રાહીમામ**



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં હાલ પડી રહેલી કાળઝાળ ગરમીથી માત્ર માનવીઓ જ નહીં પરંતુ જંગલના રાજા ગણાતા સિંહો પણ વ્યથિત બન્યા છે. ૪૩ થી ૪૫ ડિગ્રી સુધી પહોંચેલા આકરા તાપમાન વચ્ચે બૃહદ ગીર વિસ્તારના સિંહો ગરમીથી રાહત મેળવવા પાણીનો સહારો લેતા જોવા મળી રહ્યા છે. ત્યારે સાવરકુંડલા તાલુકાના ઘોબા ગામ નજીક આવેલી સ્થાનિક નદીમાં બે સિંહો પાણીમાં ઉતરી ઠંડક મેળવતા હોય તેવા અદભુત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ''ભોલો'' અને ''બૂસો'' નામથી ઓળખાતા બે સિંહોના અલગ અલગ વીડિયો સ્થાનિકો દ્વારા મોબાઈલ કેમેરામાં કેદ કરવામાં આવ્યા હતા. આ વાયરલ થયેલ વીડિયોમાં સિંહો નદીના પાણીમાં ડૂબકી લગાવી ગરમીમાંથી રાહત મેળવતા નજરે પડે છે. સામાન્ય રીતે જંગલમાં રાજાશાહી અંદાજમાં જોવા મળતા સિંહો આકરા ઉનાળામાં પાણીમાં ઉતરતા હોવાના દ્રશ્યો લોકોએ ક્યારેય ઓછા જોયા હોવાથી વીડિયો ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

બૃહદ ગીર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમીનો માહોલ છે. બપોરના સમયે રસ્તાઓ સુમસામ બની જતા હોય છે. ત્યારે વન્ય પ્રાણીઓ પણ છાંયોઅને પાણીની શોધમાં નીકળતા જોવા મળે છે. સાવરકુંડલા તાલુકાના ઘોબા ગામ નજીક નદીના પાણીમાં આરામથી બેસેલા સિંહોના દ્રશ્યો સ્થાનિકો માટે પણ કુતુહલનું કેન્દ્ર બન્યા હતા.

વન્યજીવ પ્રેમીઓના જણાવ્યા મુજબ, વધતા જતાં તાપમાનના કારણે સિંહો સહિતના પ્રાણીઓ પાણીના સ્ત્રોતો તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે. જંગલ વિસ્તારમાં પાણીની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વન વિભાગ પણ સતત મોનીટરીંગ કરી રહ્યો છે.

ઉનાળાના બળબળતા તાપમાં જંગલના રાજાનો આ અનોખો અંદાજ હાલ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ બની રહ્યો છે. અને લોકો આ વીડિયોને અદ્‌ભુત પ્રકૃતિ દ્રશ્ય તરીકે શેર કરી રહ્યા છે.

### લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરીને બદલે દયનીય હાલતમાં જોવા મળે

# લાઈન હી લાઈન : કોઈપણ સરકારી કામ પડે એટલે અવનવા દસ્તાવેજો રજૂ કરવા પડે અને લાઈનમાં ઉભુ રહેવું પડે

**અમરેલીનાં જનસેવા કેન્દ્રમાં ''આવકનો દાખલો'' મેળવવો એટલે પગે પાણી ઉતરે**





અમરેલી, તા. ૧૩

અમરેલી ખાતે આવેલ ''જનસેવા કેન્દ્ર''માં અરજદારોને આવકનો દાખલો મેળવવા અર્ધીથી લઈને એક કલાક સુધી લાઈનમાં ઉભુ રહેવુ પડે. કારણ કે એક કર્મચારી જ કામગીરી કરે અને બાજુનાં કર્મચારી નવરાધુપ બેઠા જોવા મળે તેને કામગીરી સોંપવામાંઆવેતોઅરજદારોનેઆકરી ગરમીમાં લાઈનમાં ઉભુ રહેવું ન પડે.

દેશનાં આઝાદીનાં લડવૈયાઓએ આઝાદી માટે અનેક બલિદાન એટલા માટે આપેલ કે ભારત દેશ આઝાદ થાય, દેશમાં લોકશાહી શાસન સ્થપાય અને જેથી દેશવાસીઓ માલિક બને અને પદાધિકારીઓ અને અધિકારીઓ જનસેવક બની દેશવાસીઓની સેવા કરે.

પરંતુ, જેમ જેમ આઝાદીનાં દાયકાઓ પસાર થઈ રહ્યા છે તેમ તેમ દેશવાસીઓ સેવક અને પદાધિકારીઓ અને અધિકારીઓ નાયક બની રહ્યા હોય તેવું અવારનવાર જોવા મળી રહ્યું છે.


દેશવાસીઓ દર વર્ષે લાખો–કરોડો રૂપિયા વિવિધ કરવેરારૂપે સરકારી તિજોરીમાં જમા કરાવે અને તેમાંથી પદાધિકારીઓ અને અધિકારીઓનાં પગાર–ભથ્થા આપવામાં આવે એટલે દેશનાં નાયક ખરેખર દેશવાસીઓ હોય છે. પરંતુ, દેશવાસીઓને સરકારી કોઈ કામ પડે એટલે તોછડાઈપૂર્વકનુંવર્તન, ડોકયુમેન્ટ રજૂ કરવાની મથામણ, સમયનો બગાડ, લાઈનમાં ઉભુ રહેવુ પડે તેવા બનાવો અવારનવાર બની રહ્યા છે.

અમરેલીનાં ''જનસેવા'' કેન્દ્રમાં ખરા અર્થમાં ''જનસેવા'' કરવામાં આવે તેવી માંગ જનતા જનાર્દન કરી રહી છે.

### એક તરફ ગરમીનો માહોલ તે સમયે

# અમરેલીનાં ગજેરાપરામાં રહેણાંક મકાનમાં ગત રાત્રિએ લાગી આગ

**ફાયર વિભાગે યુધ્ધનાં ધોરણે આગ પર કાબુ મેળવ્યો**



અમરેલી, તા. ૧૩

અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ ગજેરાપરા વિસ્તારમાં વાલ્મિકી વાસમાં એક રહેણાંક મકાનમાં આગ લાગી હતી. આ અંગે ગઈકાલે રાત્રે અંદાજે ૮ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી.

આ બનાવની જાણ થતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ ફાયર સ્ટાફ તાત્કાલિક ફાયર વ્હીકલ સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર ટીમે ઝડપી કામગીરી હાથ ધરી આગ પર કાબૂ મેળવી આગ સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી.

આ બનાવમાં કોઈપણ પ્રકારની જાનહાનિ થવા પામી નથી. ફાયર વિભાગની સમયસર કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. જયારે આ કામગીરીમાં ફાયર સ્ટાફના કર્મચારીઓ કૃષ્ણભાઈ ઓળકિયા, રણજીતભાઈ સગર તથા હર્ષભાઈ ચાવડાએ જહેમત ઉઠાવી હતી.

# કાતર ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂજય મોરારિબાપુનું પ્રેરણાદાયી સંબોધન



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં કાતર ગામે ઠાકર મંદિર અને રામજી મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે પ્રસિદ્ધ કથાકાર પૂજય મોરારીબાપુએ ઉપસ્થિત ભાવિકોને પ્રેરક સંદેશ આપ્યો હતો. ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભાવિકો ઉમટી પડયા હતા.

પોતાના સંબોધનમાં મોરારીબાપુએ જણાવ્યું હતું કે, મંદિર માત્ર પથ્થરનું નિર્માણ નથી, પરંતુ સમાજને સંસ્કાર, એકતા અને આધ્યાત્મિક શક્તિ આપતું પવિત્ર સ્થાન છે. તેમણે કહ્યું કે, જયાં ભક્તિ, પ્રેમ અને સેવા હોય ત્યાં ભગવાનનો સચ્ચો નિવાસ થાય છે. ગામડાંઓમાં આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં સદભાવ અને સંસ્કાર જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

મોરારીબાપુએ યુવાનોને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા અને વડીલોનું સન્માન કરવાની પ્રેરણા આપી હતી. સાથે જ સમાજમાં પરસ્પર પ્રેમ, સહકાર અને માનવતાનાં મૂલ્યો જાળવવાની અપીલ કરી હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ધાર્મિક વિધિઓ, ભજન અને પૂજન કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર ગામ ભક્તિમય માહોલથી ગુંજી ઉઠયું હતું.

### વિવિધ વિકાસલક્ષી ૧૧ લાખની રકમથી

# અરે વાહ : વડિયા ગ્રામ પંચાયત દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ કરવામાં આવી

**સૌપ્રથમ સુરગપરા વિસ્તારમાં કામગીરી શરૂ**



વડિયા, તા. ૧૩

વડિયાના સુરગપરા વિસ્તારમાં પોસ્ટ ઓફિસના ખૂણાથી ખેતાણી સ્કૂલના પાછળના ભાગ અને ત્યાંથી કન્યા વિદ્યાલયના પાછળના ભાગ તરફ ભૂગર્ભ ગટરની કામગીરી વડિયા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયતનો વિવેકાધીન ગ્રાન્ટ, રાષ્ટ્રીય પર્વ ઉજવણીની ગ્રાન્ટ અને તાલુકા પંચાયત વિવેકાધીન ગ્રાન્ટમાંથી હાલ કુલ ૩૯૪૮ફુટ કેટલું કામ અંદાજિત ૧૧ લાખ આસપાસના ખર્ચે બનવાની કામગીરી હાલ ચાલુ કરવામાં આવી છે. ભૂગર્ભ ગટર બનવાથી શેરીઓમાં ખુલ્લી ગટરથી ઉદભવતી ગંદકી દૂર થઈ શકે છે પરંતુ આઠના નાના પાઈપમાં મોટા વિસ્તારનુ ગટરનું પાણી વહેતુ હોવાથી ભૂગર્ભ ગટરની સાપ્તાહિક સફાઈ માટે જેટિંગ મશીન ખુબ જરૂરી છે જે વડિયા ગ્રામ પંચાયતને આવનાર ટૂંકા સમયમાં ખરીદવું જરૂરી છે અન્યથા ભૂગર્ભ ગટર બ્લોકેજની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની રહેશે. હાલ ભૂગર્ભ ગટરની કામગીરીથી ગંદકી દૂર થવાની આશાએ લોકોમાં ખુશી જોવા મળી રહી છે.

### કાયદો અને વ્યવસ્થાની કથળતી હાલત

# જાફરાબાદનાં લોઠપુર ગામે ઘર પાસે ગાળો બોલવાની ના પાડનાર યુવક ઉપર હુમલો

**આરોપીએ કુહાડાનો ઘા કરી જીવલેણ હુમલો કર્યો**

અમરેલી, તા. ૧૩

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતાં લાલજીભાઈ કેસુભાઈ કવાડ નામનાં ૩૦ વર્ષીય યુવક ગત તા. ૧૧ના સાંજે ૫ વાગ્યે પોતાના ઘરે હોય એ વખતે તે જ ગામે રહેતાં આરોપી હાથીભાઈ બચુભાઈ ધાખડા યુવકના ઘર પાસે મોટેથી ગાળો બોલતા હોય. જેથી યુવકે ગાળો બોલવાની ના પાડતા તે વાતનું મનદુઃખ રાખી આરોપીએ યુવકનુ મોટર સાયકલ રોકાવી કહેલ કે તુ કેમ મને ગાળો બોલવાની ના પાડતો હતો. તેમ કહી ઉશ્કેરાઈ જઈ આજે તો તને જાનથી મારી નાખવો છે તેમ કહી આ યુવકને મારી નાખવાના ઈરાદે આરોપીએ ફળા વાળા કુહાડાથી યુવકને એક ઘા માથામાં મારી દીધેલ તથા બીજો ઘા કાંડાના ભાગે મારી ઈજા કરેલ હતી. બાદમાં યુવક પોતાનુ મોટર સાયકલ લઈ સારવાર માટે રાજુલા જતા હોય એ વખતે ફરી એક વખત આરોપીએ યુવકને રોકી હુમલો કરેલ હતો અને માથાનાં ભાગે ધારદાર કુહાડાનો ઘા મારી દઈ નીચે પછાડી અને દાતરડા જેવા ધારીયાનો ઘા ખંભાના ભાગે મારી ઈજા કરી તિક્ષ્ણ હથીયારથી મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કાર્યની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# દામનગરમાં માનવ સેવા આશ્રમની ભૂમિપૂજન વિધિ કરાઈ

દામનગર, તા. ૧૩

દામનગર શહેરમાં ભૂરખીયા રોડ પર, સ્વા.ગુરૂકુળથી નજીક સેવાનાં ઉદ્દેશથી માનવ સેવા આશ્રમનાં નિર્માણ માટે ભૂમિ પૂજન વિધિ સંપન્ન થયેલ છે. તેમજ તા. ૧૩/૫/૨૬ને બુધવારનાં રોજ અહીંની પટેલ વાડીમાં આ વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ખાસ હાજરીમાં યોજાઈ ગયેલ વિનામૂલ્યે મેડીકલ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોએ ૧૪૦ દર્દીઓના વિવિધ રોગની તપાસ કરી હતી. તેમજ માનવ સેવા આશ્રમ દામનગર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમરેલીનાં સંયુક્ત ઉપક્રમે યોજાયે રક્તદાન કેમ્પમાં ૧૪ બોટલ રક્ત એકત્ર થયેલ. સામાજીક યુવા કાર્યકર પ્રિતેશભાઈ નારોલાએ જણાવ્યું કે, થેલેસેમીયા ગ્રસ્ત બાળકો માટે લોહીની જરૂર હોય. ત્યારે માનવતાની દ્રષ્ટિએ રક્તદાતાઓએ જરૂરિયાતનાં સમયે અને રક્તદાન કેમ્પમાં સહકાર આપી પોતાના રક્તનું દાન આપવું જોઈએ તેમ જણાવ્યું હતું.

### આટકોટની ઈન્ડેન ગેસ એજન્સી નિર્ણય લે

# કાળઝાળ ગરમી વચ્ચે ગેસ સીલીન્ડરની ડીલીવરી બંધ કરો

**પુરવઠા વિભાગે જરૂરી સુચના આપવી જોઈએ**

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે આટકોટની કૈલાસ ગેસ એજન્સી દ્વારા અઠવાડીયામાં બે દિવસ સોમવાર તેમજ બુધવાર એમ બે દિવસ ગેસના બાટલાની ડિલીવરી કરવા વાહન આવે છે આ ડિલીવરીનો ટાઈમ ભરબપોરે ૨ થી અઢી કલાકના સમયે આ વાહન આવે છે પરંતુ હાલ આ ઉનાળામાં કાળ ઝાળ તડકામાં ૪૫ થી ૫૦ ડીગ્રીમાં લોકો ગેસના બાટલા લેવા ઉભા રહે છે હાલ ભરબપોરે એટલો તાપ હોય છે ગ્રાહકોનો હાથ આ બાટલો લે છે ત્યારે હાથ દાઝી જાય તેટલો તાપ ગ્રાહકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે તો આટકોટની કૈલાસ ગેસ એજન્સી દ્વારા તાકીદે આ બે દિવસ બાટલાની ડિલીવરીનો સમય સવાર અથવા સાંજનો કરવા ગ્રાહકોની માંગણી છે.

# લીલીયામોટા ખાતે તાલુકા પેન્શનર સમાજની ૩૧મી વાર્ષિક સાધારણ સભા મળી



લીલીયા મોટા ઉમિયા માતાજીનાં મંદિરે પેન્શનર સમાજની ૩૧મી વાર્ષિક સાધારણ સભા રાજુભાઈ મહેતાનાંઅધ્યક્ષ સ્થાનેયોજવામાંઆવેલ. જેમાં રાજકોટ જિલ્લા પેન્શનર સમાજનાં પ્રમુખ નરેન્દ્રભાઈ વિઠલાણીઅતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહેલા. જીતુભાઈ સરખેદી, ધીરૂભાઈ મારૂ, ભાલાળા, હરિતસિંહજી તથા લીલીયા તાલુકા પેન્શનર સમાજનાં પ્રમુખ બાબુભાઈ ધામત, માનદમંત્રી કાલાવડીયા, રામકુભાઈ ભુવા, કિશોરભાઈ જોશી અને ભાસ્કરભાઈ પટેલ ઉપસ્થિત રહેલા. આ સાધારણ સભામાં ભોજનનાં દાતા ભાસ્કરભાઈ પટેલ અને પુષ્પાબેન પટેલનું પુષ્પગુચ્છ શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ ૭૦ વર્ષથી વધારે ઉંમરનાં પેન્શનરોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ સાથે સાથે રામજી મંદિર શતાબ્દી મહોત્સવ તથા અન્ય સેવાકીય કામગીરી બદલ બાબુભાઈ ધામતનુંસન્માન પત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે એસ.બી.આઈ. બેન્કનાં મેનેજર અને પોસ્ટ ઓફિસરનાં પ્રતિનિધિ પણ હાજર રહેલા જેઓ દ્વારા પેન્શનરોની હૈયાતીની ખરાઈ અંગેમાર્ગદર્શન આપવામાં આવેલ. વક્તાઓ દ્વારા તેમના પ્રસંગિક ઉદબોધનમાં સંગઠન ઉપર ભાર મૂકવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાલાવાડીયા દ્વારા કરવામાં આવેલ. અંતમાં આભાર વિધિ રામકુભાઈ ભુવા દ્વારા કરવામાં આવેલ હતી.

## પ્રધાનમંત્રીએ દેશવાસીઓને ૬ અપીલ કરી હોય તે સમયે

# જનતાએ પણ સરકારને ૭ અપીલ કરી

**દેશભરમાં ઉજવાતા સરકારી ઉત્સવ પર એક વર્ષ સુધી પ્રતિબંધ મુકી દો**

**સાંસદો અને ધારાસભ્યો એક વર્ષ માટે પગાર, ભથ્થા અને પેન્શન બંધ કરે**

**રેલીઓમાં ખર્ચો બંધ કરીને ડિજિટલ રેલી કે ઓનલાઈન ભાષણ આપો**

**દેશવાસીઓએ સોશ્યલ મીડિયા મારફત સરકાર સુધી અપીલ પહોંચતી કરી**

અમરેલી, તા. ૧૩

તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સોનાની ખરીદી બંધ કરવા, પ્રાકૃતિક ખેતી કરવા, વિદેશ પ્રવાસ બંધ કરવા, પેટ્રોલ-ડીઝલની બચત કરવા, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા, ખાદ્યતેલનાં ઉપયોગમાં ઘટાડો કરવા સહિતની અપીલ કરી છે.

દરમિયાનમાં દેશવાસીઓએ સોશ્યલ મીડિયા મારફત સરકારને ૭ અપીલ કરી છે. અપીલમાં જણાવેલ છે કે, સરકારી ઉત્સવ પર એક વર્ષ પ્રતિબંધ મુકી દો, સરકારી કાર્યક્રમોમાં સાદગી અપનાવો, સમાજ સેવા કરવા નીકળેલ સાંસદો, ધારાસભ્યો એક વર્ષ માટે પગાર ભથ્થા અને પેન્શન બંધ કરે, રેલીઓમાં ધુમાડો-ખર્ચો ઓછો કરો, ડિજિટલ રેલી કે ઓનલાઈન ભાષણ આપો, વિદેશી ટુર અને ડેલિગેશન બંધ કરો અને વીઆઈપી કાફલા, ભવ્ય મહેલ જેવા સરકારી વિમાનને એક વર્ષ માટે પાર્ક કરી દો.

### શ્રી વડલીવાળી મેલડી માનાં સાંનિધ્યમાં


## બાબરા ખાતે આગામી શનિવારે ભકિતભાવ સાથે ''ડાકડમરૂ'' કાર્યક્રમ યોજાશે

**માતાજીનાં ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા આયોજન**

બાબરા, તા. ૧૩

બાબરા શહેરમાં આવેલ જય શ્રી વડલીવાળા મેલડી માં ધામ ખાતે આવતી તા. ૧૬/૦૫/૨૦૨૬ શનિવારના રોજ ભવ્ય ''ડાક ડમરૂ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક ભાવના અને ભકિતમય વાતાવરણ વચ્ચે યોજાનાર આ કાર્યક્રમને લઈ ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

કાર્યક્રમમાં પ્રખ્યાત કલાકાર વિજયભાઈ રાવળદેવ (શિવરાજપુર વાળા) પોતાના અનોખા ડાક ડમરૂના તાલથી માહોલને ભકિતમય બનાવશે. સાથે જ ચારણી સાહિત્યના જાણીતા ગુણગાન સંભળાવનાર અનુલા ગઢવી ઉપસ્થિત રહી ભકિ અને લોકસાહિત્યનો રસાસ્વાદ કરાવશે.





આ આયોજન સેવક રાજુભાઈ જેઠવા (રાજકોટ વાળા) દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમ રાત્રે ૮ કલાકથી વહેલી સવારે ૧ વાગ્યા સુધી યોજાશે. માતાજીના તાવાનો પ્રસાદ પણ સાંજે ૬:૩૦ કલાકથી ૮:૦૦ કલાક સુધી રાખવામાં આવ્યો છે.

કાર્યક્રમનું સ્થળ મેલડી માતાજી મંદિર, જુના તળાવ પાસે, નિલવડા રોડ, મુ. બાબરા, જિ. અમરેલી રાખવામાં આવ્યું છે. આયોજકો દ્વારા મોટી સંખ્યામાં ભકતજનોને ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.

ધાર્મિક શ્રદ્ધા, લોકસંસ્કૃતિ અને ભકિતનો અનોખો સંગમ બનનાર આ કાર્યક્રમ બાબરા શહેર માટે આકર્ષણનું કેન્દ્ર બનશે તેવી લાગણી વ્યકત કરવામાં આવી રહી છે.

### તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાની માંગ

## દેવભૂમિ દેવળીયા ગામે ગામતળ અને સીમતળમાં પસાર થતી વીજ લાઈનની મરામત કરવી જરૂરી

**પી.જી.વી.સી.એલ.નાં નાયબ ઈજનેરને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાએ પીજીવીસીએલનાં નાયબ ઈજનેરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, દેવભૂમિ દેવળીયા ગામે ગામતળમાં મનસુખભાઈ ખોડાભાઈ નાકરાણીના ઘર પાસે વીજ લાઈન તાર એકદમ ઢીલા પડી ગયેલ છે. તેમજ કાનાભાઈ ભરવાડનાં ઘર પાસે જુના સુખડિયા પરિવાર માતાજી મંદિરને અડીને થાભલો ક્રેક થયેલ છે. તેમજ નવા પણ વિસ્તારમાં સામતભાઈ પીપળીયાના ઘર પાસે અને માનસિંગભાઈ ધોળકીયાના ઘર તરફ વીજ વાયરો બીલકુલ ઢીલા પડી ગયેલ છે. અને પોલ નમી ગયેલા છે. તેમજ લીલીબેન દેવીપુજકના માલીકીનાન પ્લોટમાં તેના ઝુપડાને અડીને આવેલ પોલમાં અનેકવાર શોર્ટસર્કીટ નુકશાન થવાનુ સક્રિયતા હોવાથી જેને સામાને સાઈડ પોલને ફેરવા તેમજ ખેતીવાડી વિસ્તારમાં વિક્રમભાઈ હરીભાઈ રાજપુતના વાડીએ જતી વીજ લાઈનો એકદમ ઢીલી થઈ ગયેલ છે. અને પોલ લાઈન ત્રાસા થઈ ગયેલ છે. તેમજ ગામને અડીને પસાર થતી જયોતિગ્રામ ઈલેવન લાઈનના પોલ જીવરાજભાઈ મોહનભાઈ સુખડીયા ખેતરમાં ત્રાસા થઈ ગયેલ હોય અને એન કારણે ખેડુતને ખેતીકામમાં અડચળ રૂપ હોય તો આ બાબતે તાત્કાલીક આ લાઈનો મરામત કરવા અંતમાં માંગ કરેલ છે.

### ટ્રેકટરનાં ચાલકે મોબાઈલ રીપેર માટે આપેલ

## લાઠીનાં હરસુર દેવળીયા ગામે મોબાઈલ રીપેરીંગનાં નાણા બાબતે બઘડાટી

**એક મહિલા સહિત ૩ વ્યકિતઓ ઉપર હુમલો**

અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે રહેતાં જગદીશભાઈ જાદવભાઈ હાડગરડા નામનાં ૨૮ વર્ષિય યુવકના નાના ભાઈ કાબાભાઈને મોબાઈલ રીપેરીંગની દુકાન હોય. તેમાં તે જ ગામે રહેતાં આરોપી વિપુલભાઈ કડવાભાઈ સોહલાના ટ્રેકટરના ડ્રાઈવરે મોબાઈલ ફોન રીપેરીંગ માટે આપેલ હતો જે મોબાઈલ ફોન રીપેરીંગ થઈ જતા કાબાભાઈએ મોબાઈલ રીપેરીંગના પૈસા માંગેલ હતા. તે વાતનું મનદુઃખ રાખી આરોપીએ કાબાભાઈને ગાળો આપી બે-ચાર થપાટ મારી દીધેલ. બાદમાં યુવક તથા કાબાભાઈ તેના ઘર પાસે ઉભા હતા ત્યારે આરોપીએ તેમને ગાળો આપી છુટ્ટા પાણકાના ઘા કરી તેમજ આરોપી વિપુલભાઈ કડવાભાઈ સોહલા, કડવાભાઈ નોંઘાભાઈ સોહલા તથા ભાવેશભાઈ કડવાભાઈ સોહલાએ લોખંડની પાઈપો વડે આ બંને ભાઈઓને માર મારતા ભનુબેન વચ્ચે પડતા તેઓને પણ આરોપીઓએ લોખંડની પાઈપના ઘા મારી શરીરે ઈજાઓ કરી તેમજ મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ લોખંડની પાઈપો તથા છુટ્ટા પાણકાના ઘા કરી વાહનોના કાચ તોડી અંદાજે રૂપિયા ૨૦,૦૦૦થી વધારેનું નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકુંડા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241






ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦









અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧












લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઈક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઈક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઈક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેક્ટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49

### ખેડૂતો માટે સારા સમાચાર

# મોદી કેબિનેટના ૩ મોટા નિર્ણયો લેવામાં આવ્યા, ૧૪ ખરીફ પાકોની MSPમાં વધારો

## રૂ. ૨૦૬૬૭ કરોડના ખર્ચે દેશનો પહેલો સેમી-હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ અને કોલસામાંથી ગેસ બનાવવા રૂ. ૩૭૫૦૦ કરોડના પ્રોજેક્ટને લીલી ઝંડી

નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં કેટલાક ખૂબ જ મહત્વના અને ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે.

એક તરફ સરકારે ખેડૂતોને મોટી ભેટ આપતા વર્ષ ૨૦૨૬-૨૭ની સીઝન માટે ૧૪ ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં નોંધપાત્ર વધારો કર્યો છે. તો બીજી તરફ ગુજરાત માટે મોટી જાહેરાત કરતા, અમદાવાદ (સરખેજ) થી ધોલેરા વચ્ચે રૂ.૨૦૬૬૭ કરોડના ખર્ચે દેશની પહેલી સેમી-હાઈ-સ્પીડ ડબલ-લાઈન રેલ પ્રોજેક્ટને પણ મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત દેશને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે રૂ.૩૭૫૦૦ કરોડના ખર્ચે કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટને પણ કેબિનેટે પાસ કરી દીધો છે.

ખેડૂતોની આવક વધારવા અને તેમને પાકના પૂરતા ભાવ મળી રહે તે માટે ૧૪ ખરીફ પાકોના MSP વધારવામાં આવ્યા છે. આ વખતે સૌથી મોટો ફાયદો સૂર્યમુખી પકવતા ખેડૂતોને થશે, કારણ કે તેના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ.૬૨૨ નો જંગી વધારો કરાયો છે. ત્યારપછી કપાસના ભાવમાં રૂ.૫૫૭, નાઈજરસીડમાં રૂ.૫૧૫ અને તલના ભાવમાં રૂ.૫૦૦ નો પ્રતિ ક્વિન્ટલ વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત માટે સૌથી રોમાંચક સમાચાર એ છે કે હવે અમદાવાદથી ધોલેરા વચ્ચે ટ્રેનની મુસાફરી ખૂબ જ ઝડપી અને હાઈ-ટેક બનશે. આ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ભારતીય રેલવેનો દેશનો આવો પહેલો સેમી-હાઈ-સ્પીડ પ્રોજેક્ટ હશે, જે સંપૂર્ણપણે આપણી સ્વદેશી ટેકનોલોજીથી તૈયાર થશે. આ નવી રેલ લાઈન અમદાવાદને ધોલેરા SIR, નવા બની રહેલા ધોલેરા એરપોર્ટ અને લોથલના નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ સાથે સીધું જોડી દેશે. આનાથી લોકોનો મુસાફરીનો સમય બચશે અને તેઓ એક જ દિવસમાં સરળતાથી આવ-જા કરી શકશે. આ ૧૩૪ કિલોમીટર લાંબી રેલ લાઈન અમદાવાદ જિલ્લાના ૨૮૪ ગામોને સીધા જોડશે. આનાથી આશરે ૫ લાખ લોકોને વધુ સારી કનેક્ટિવિટી મળશે. આ પ્રોજેક્ટ ધોલેરા એરપોર્ટ અને લોથલ મેરિટાઈમ કોમ્પ્લેક્સને પણ જોડશે. ખાસ વાત એ છે કે, આ સંપૂર્ણપણે સ્વદેશી ટેક્નોલોજીથી તૈયાર થશે. આનાથી અમદાવાદ અને ધોલેરા વચ્ચે મુસાફરી પહેલા કરતાં વધુ ઝડપી અને સરળ બનશે. સાથે જ દર વર્ષે ૦.૪૮ કરોડ લિટર પેટ્રોલ-ડીઝલની પણ બચત થશે.

આ સાથે જ સરકારે ભવિષ્યની ઊર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂ.૩૭૫૦૦ કરોડના કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે. અશ્વિની વૈષ્ણવે સમજાવ્યું હતું કે ભારત પાસે આગામી ૨૦૦ વર્ષ સુધી ચાલે તેટલો કોલસાનો વિશાળ ભંડાર છે. હવે આ જ કોલસામાંથી સીધો ગેસ ઉત્પન્ન કરવામાં આવશે. ત્યારબાદ આ ગેસનો ઉપયોગ ખાતર બનાવવા, વીજળી પેદા કરવા અને વિવિધ પ્રકારના ઉપયોગી રસાયણો બનાવવા માટે કરવામાં આવશે. ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓને જોતા દેશને ગેસ અને ઊર્જા ક્ષેત્રે સ્વનિર્ભર બનાવવા તરફ આ એક બહુ મોટું પગલું છે.

કેબિનેટે કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે ૩૭,૫૦૦ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભારતની પાસે ૨૦૦ વર્ષ સુધી ચાલે એટલો પૂરતો કોયલાનો ભંડાર છે, જેનો ઉપયોગ હવે ગેસ બનાવવા માટે થશે.

આમાં ૩ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે.આ ઉપરાંત, નાગપુર એરપોર્ટને હવે PPP મોડલ હેઠળ આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવવામાં આવશે, જેના કારણે વિદર્ભ વિસ્તારમાં પ્રવાસન અને વેપારને પ્રોત્સાહન મળશે.

### NTAને બંધ કરવાની માંગ

# સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો NEET પેપર લીકનો મામલો

## અરજીમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ ફરી NEET લેવડાવવાની, ડિજિટલ સુરક્ષા સિસ્ટમ લાગુ કરવાની માગ

નવી દિલ્હી, તા.૧૩

NEET UG પેપર લીક કેસ હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. દેશભરના મેડિકલ વિદ્યાર્થીઓ અને ડોક્ટરોના સંગઠન ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (FAIMA)એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે અને મોટી માંગો ઉઠાવી છે. સંગઠનનું કહેવું છે કે NEET જેવી મહત્વપૂર્ણ પરીક્ષાની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થયા છે, એટલે હવે માત્ર તપાસ પૂરતી નથી, પણ સમગ્ર પરીક્ષા પ્રણાલીમાં મોટો ફેરફાર જરૂરી છે.

FAIMAએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં જણાવ્યું છે કે NEET-UG 2026 પેપર લીકથી લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર પડી છે. આવા સંજોગોમાં પરીક્ષા ફરીથી લેવી જોઈએ અને આ પરીક્ષા સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ જ લેવાય, જેથી સમગ્ર પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક બની રહે. સંગઠનનું કહેવું છે કે હાલની વ્યવસ્થામાં વિદ્યાર્થીઓનો વિશ્વાસ ઘટ્યો છે અને પરીક્ષા પ્રક્રિયા માટે કડક પગલાં લેવાની જરૂર છે.

આ અરજીમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અંગે પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. FAIMAએ કેન્દ્ર સરકારને માંગ કરી છે કે NTAને સંપૂર્ણપણે બદલી દેવામાં આવે અથવા તેનો મોટો પુનર્ગઠન કરવામાં આવે. અરજીમાં જણાવાયું છે કે NEET જેવી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા માટે એવી સંસ્થા હોવી જોઈએ, જે ટેકનિકલી વધુ મજબૂત, આધુનિક અને સુરક્ષિત હોય. સંગઠનનું માનવું છે કે હાલની પ્રણાલીમાં ઘણી ખામીઓ છે, જેના કારણે પેપર લીક જેવી ઘટનાઓ બની રહી છે.

આ ઉપરાંત ડિજિટલ સુરક્ષા સિસ્ટમ લાગુ કરવાની અને CBI પાસેથી તપાસ રિપોર્ટ માંગવાની મોટી માંગો કરવામાં આવી છે. હાલમાં આ મામલો સુપ્રીમ કોર્ટમાં દાખલ થઈ ગયો છે, પણ હજુ સુધી તેની સુનાવણીની તારીખ નક્કી થઈ નથી. દેશભરના લાખો વિદ્યાર્થીઓ હવે કોર્ટના આગામી પગલાં અને સરકારની પ્રતિક્રિયા માટે રાહ જોઈ રહ્યા છે.

### CM બનતાં જ શુભેન્દુ અધિકારીનો નિર્ણય

# મંદિર-મસ્જિદ પર લાઉડ સ્પીકર નહીં વગાડી શકાય

## ધાર્મિક સ્થળોએ ધ્વનિ પ્રદૂષણના કાયદાનું પાલન અનિવાર્ય

કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન સાથે જ શુભેન્દુ અધિકારી સરકારે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે નવી અને કડક ગાઈડલાઈન્સ જાહેર કરી છે. સરકાર દ્વારા પોલીસ વિભાગને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે કે કોઈપણ ધાર્મિક સ્થળ, પૂજા કે જાહેર કાર્યક્રમમાં હાઈકોર્ટના માપદંડોનું ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં. પોલીસને દરેક વિસ્તારમાં અવાજની તીવ્રતા પર દેખરેખ રાખવા અને જો નિર્ધારિત ડેસિબલ કરતાં વધુ અવાજ જોવા મળે, તો તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશો અપાયા છે. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે આ નિયમો દરેક માટે સમાન રીતે લાગુ પડશે. મંદિર હોય, મસ્જિદ હોય કે અન્ય કોઈ ધાર્મિક આયોજન, ધ્વનિ પ્રદૂષણ સાથે જોડાયેલા કાયદાઓનું પાલન કરવું દરેક માટે ફરજિયાત છે. રાજ્યમાં જાહેર શાંતિ જાળવવા માટે પોલીસને આ આદેશોનો તાત્કાલિક પ્રભાવથી અમલ કરવા સૂચના આપવામાં આવી છે. લાઉડ સ્પીકર ઉપરાંત, બંગાળ સરકારે ગેરકાયદે ટોલ વસૂલી ડામવા માટે પણ જિલ્લા વહીવટીતંત્રને કડક સૂચનાઓ આપી છે. સરકારના આદેશ મુજબ, જે પણ ટોલ ગેટ, ડ્રોપ ગેટ કે બેરિકેડવાળી સંરચનાઓ પશ્ચિમ બંગાળ સરકારના સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત નથી, તેમને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવશે. આ પગલું વાહનોની અવરજવરને સરળ બનાવવા અને અનધિકૃત ઉઘરાણા રોકવા માટે લેવામાં આવ્યું છે.

સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટોને તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા આવા તમામ અનધિકૃત ટોલ અને ડ્રોપ ગેટોની ઓળખ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ માળખાંઓને માત્ર બંધ જ નહીં, પરંતુ તે ફરીથી સ્થાપિત ન થાય તે માટે જરૂરી પગલાં લેવાની પણ ખાતરી કરવા સૂચના અપાઈ છે. સરકારના આ કડક વલણથી રાજ્યમાં વહીવટી પારદર્શિતા વધવાની આશા છે.

### સમર્થનમાં ૧૪૪ અને વિરોધમાં ૨૨ વોટ પડ્યા

# તમિલનાડુમાં થલાપતિ વિજયે આખરે સાબિત કરી બહુમતી

## વિપક્ષી પક્ષો મતદાન પહેલા ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા

ચેન્નઈ, તા.૧૩

મુખ્યમંત્રી વિજય થલાપતિએ તમિલનાડુ વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ પાસ કરી લીધો છે. ફ્લોર ટેસ્ટમાં વિજય સરકારને ૧૪૪ ધારાસભ્યોએ સમર્થન આપ્યું હતું. જ્યારે મુખ્ય વિપક્ષી પક્ષો ફ્લોર ટેસ્ટના મતદાન પહેલા ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

આ સાથે ટીવીકેના નેતૃત્વ હેઠળના ગઠબંધન સરકારે વિધાનસભામાં વિશ્વાસ મત હાંસલ કરી લીધો છે.

૨૩૪ સભ્યોની તમિલનાડુ વિધાનસભામાં ટીવીકે ગઠબંધન સૌથી મોટી શક્તિ તરીકે ઉભરી આવ્યું હતું, પરંતુ તેની પાસે સ્પષ્ટ બહુમતી નહોતી. વિજયે કોંગ્રેસ, સીપીઆઈ, સીપીઆઈ (એમ), વીસીકે, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) અને કેટલાક અપક્ષો અને નાના પક્ષોના સમર્થનથી સરકાર બનાવી હતી. ફ્લોર ટેસ્ટ દરમિયાન ગઠબંધનને કુલ ૧૪૪ ધારાસભ્યોનો ટેકો મળ્યો હતો.

વિધાનસભાની કાર્યવાહી શરૂ થયા પછી મુખ્યમંત્રી વિજયે વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો. ચર્ચા દરમિયાન શાસક પક્ષના સાથી પક્ષોએ સરકારને પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો, જ્યારે વિપક્ષે અનેક મુદ્દાઓ પર સરકાર પર નિશાન સાધ્યું હતું. જો કે, મતદાન પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં મુખ્ય વિપક્ષી પક્ષો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

TVK વિધાનસભા ચૂંટણીમાં ૧૦૮ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, પરંતુ બહુમતીથી ૧૦ બેઠકો ઓછી પડી ગઈ. વિજયે બે વિધાનસભા બેઠકો જીતી. તેમણે એક બેઠક ખાલી કરવી પડશે, જેનાથી TVKની સંખ્યા ૧૦૭ થઈ જશે. TVKના સાથી પક્ષોમાં કોંગ્રેસના પાંચ ધારાસભ્યો, CPI, CPI(M), VCK અને IUML ના બે-બે ધારાસભ્યોનો સમાવેશ થાય છે. આને જોડીને વિધાનસભામાં ગઠબંધનની કુલ સંખ્યા ૧૨૦ પર પહોંચી ગઈ છે. જોકે, વિજયની પાર્ટીને ફ્લોર ટેસ્ટમાં ૧૪૪ ધારાસભ્યોનો ટેકો મળ્યો હતો.

તમિલનાડુ વિધાનસભામાં બોલતા મુખ્યમંત્રી વિજયે તેમની સરકારને ટેકો આપનારા તમામ સાથી પક્ષોનો આભાર માન્યો. તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લી સરકારની બધી યોજનાઓ ચાલુ રહેશે. તેમણે એમ પણ કહ્યું કે આ કોઈ હોર્સ-ટ્રેડિંગથી ચાલનારી સરકાર નથી પરંતુ ઘોડાની ગતિએ આગળ વધી રહી છે.

### છોકરીઓએ ફરી મેદાન માર્યું

# CBSE ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયું : ૮૫.૨૦% વિદ્યાર્થીઓ પાસ

## છોકરીઓનો કુલ પાસ ટકાવારી ૮૮.૮૬ ટકા છે, જ્યારે છોકરાઓનો પાસ ટકાવારી ૮૨.૧૩ ટકા છે

નવી દિલ્હી, તા.૧૩

CBSE ધોરણ ૧૨ના અંદાજે ૧૮ લાખ વિદ્યાર્થીઓની રાહ હવે પૂરી થઈ ગઈ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ ૧૨નું પરિણામો જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ હવે સત્તાવાર વેબસાઈટ્સ, results.cbse.nic.in અને cbseresults.nic.in, DigiLocker અને ઉમંગ એપ દ્વારા સરળતાથી તેમના પરિણામો જોઈ શકશે. બોર્ડે વિદ્યાર્થીઓની સુવિધા માટે ઓનલાઈન માર્કશીટ ડાઉનલોડ કરવાની પણ સુવિધા આપી છે.

વિદ્યાર્થીઓ તેમના રોલ નંબર અને અન્ય જરૂરી વિગતોનો ઉપયોગ કરીને તેમના પરિણામો ચકાસી શકે છે. પરિણામ જાહેર થયા પછી વેબસાઈટ પર ટ્રાફિક વધવાની અપેક્ષા છે, તેથી વિદ્યાર્થીઓએ ધીરજ રાખવી જોઈએ. CBSE ૧૨ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. CBSE એ તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ જાહેરાત કરી છે.

આ વર્ષે, કુલ ૯૫.૨૦% વિદ્યાર્થીઓએ CBSE ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા પાસ કરી છે. ગત વર્ષે, ૨૦૨૫ માં પાસ થવાની ટકાવારી ૮૮.૩૯% હતી. CBSE ૧૨મા બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીનીઓએ ફરી એકવાર વિદ્યાર્થીઓ કરતાં સારો દેખાવ કર્યો છે. છોકરીઓનો કુલ પાસ ટકાવારી ૮૮.૮૬ ટકા છે, જ્યારે છોકરાઓનો પાસ ટકાવારી ૮૨.૧૩ ટકા છે.આ વર્ષે CBSE ૧૨માના પરિણામમાં કુલ ૯૪,૦૨૮ વિદ્યાર્થીઓએ ૯૦ ટકા અને તેથી વધુ ગુણ મેળવ્યા છે, જ્યારે ૧૭,૧૧૩ વિદ્યાર્થીઓ એવા છે જેમણે ૯૫ ટકાથી વધુ ગુણ મેળવ્યા છે. ૯% થી વધુ વિદ્યાર્થીઓને કમ્પાર્ટમેન્ટ કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે,આ વર્ષે ઝમ્જીઈ ૧૨માના પરિણામોમાં, કુલ ૧૬૩,૮૦૦ વિદ્યાર્થીઓ, એટલે કે, ૯.૨૬%, કમ્પાર્ટમેન્ટ કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

CBSE એ ઉમંગ એપ પર પણ પરિણામોની ઍક્સેસ આપી છે. વિદ્યાર્થીઓ પ્લે સ્ટોર અથવા એપ સ્ટોર પરથી ઉમંગ એપ ડાઉનલોડ કરી શકે છે. લોગ ઈન કર્યા પછી, ઝમ્જીઈ વિભાગમાં જાઓ અને તમારી વિગતો દાખલ કરો. સબમિટ કર્યા પછી, પરિણામો સ્ક્રીન પર દેખાશે.

આ વર્ષે, CBSE ૧૨મા ધોરણની પૂરક પરીક્ષા ૧૫ જુલાઈના રોજ એક જ દિવસ માટે યોજાશે. કમ્પાર્ટમેન્ટની સમસ્યા ધરાવતા વિદ્યાર્થીઓ અથવા એક જ વિષયમાં પોતાના ગુણ સુધારવા માંગતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે.

છેલ્લા ૫ વર્ષની પાસિંગ ટકાવારી

૨૦૨૫: ૮૮.૩૯%
૨૦૨૪: ૮૭.૯૮%
૨૦૨૩: ૮૭.૩૩%
૨૦૨૨: ૯૨.૭૧%
૨૦૨૧: ૯૯.૩૭%

### અમેરિકા-ઈઝરાયલ માટે ચોંકાવનારો રિપોર્ટ

# સાઉદીએ આગોતરી જાણ કરીને ઈરાન ઉપર હુમલા કર્યા હતા

## સાઉદી એરફોર્સે માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં ઈરાનની ધરતી પર અનેક ગુપ્ત હવાઈ હુમલા કર્યા હતા

રિયાદ, તા.૧૩

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં અત્યાર સુધી પરોક્ષ રીતે સામેલ ગણાતા સાઉદી અરેબિયાએ ઈરાન પર સીધા હવાઈ હુમલા કર્યા હોવાનો સનસનીખેજ દાવો કરવામાં આવ્યો છે. સમાચાર એજન્સી રોયટર્સના રિપોર્ટ અનુસાર, સાઉદી એરફોર્સે માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં ઈરાનની ધરતી પર અનેક ગુપ્ત હવાઈ હુમલા કર્યા હતા.

રિપોર્ટમાં પશ્ચિમી અને ઈરાની અધિકારીઓના હવાલેથી કહેવામાં આવ્યું છે કે, આ હુમલા સાઉદી અરેબિયા પર થયેલા ડ્રોન અને મિસાઈલ હુમલાના જવાબમાં કરવામાં આવ્યા હતા. માર્ચના છેલ્લા અઠવાડિયામાં જ્યારે ઈરાન એવા તમામ ખાડી દેશોને નિશાન બનાવી રહ્યું હતું જ્યાં અમેરિકન સૈન્ય મથકો હતા, ત્યારે સાઉદીએ પોતાની સુરક્ષા માટે આક્રમક વલણ અપનાવ્યું હતું. રસપ્રદ વાત એ છે કે, સાઉદી અરેબિયાએ આ હુમલા વિશે ઈરાનને અગાઉથી જાણ કરી દીધી હોવાનો પણ દાવો કરાયો છે. આ હુમલા બાદ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક વાતચીત તેજ થઈ હતી. આંકડા મુજબ, ૨૫થી ૩૧ માર્ચ વચ્ચે સાઉદી પર ૧૦૫થી વધુ હુમલા થયા હતા, જે સાઉદીના વળતા પ્રહાર બાદ ૧થી ૬ એપ્રિલ વચ્ચે ઘટીને માત્ર ૨૫ રહી ગયા હતા. આ દર્શાવે છે કે સાઉદીના આક્રમક વલણ બાદ ઈરાને સીધા હુમલા ઘટાડી દીધા હતા. માત્ર સાઉદી જ નહીં, પરંતુ સંયુક્ત આરબ અમીરાત (UAE) પર પણ ઈરાન વિરુદ્ધ ગુપ્ત હુમલા કરવાના આરોપો લાગ્યા છે. જોકે, આ મામલે સાઉદી કે ઈરાનના વિદેશ મંત્રાલયે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. આ ખુલાસાથી સાબિત થાય છે કે ઈરાન યુદ્ધ હવે સમગ્ર પશ્ચિમ એશિયામાં ફેલાઈ ચૂક્યું છે.

### સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

# હિન્દુ રહેવા માટે મંદિરે જવું કે પૂજા પાઠ કરવા જરૂરી નથી

## હિન્દુત્વ એ જીવન જીવવાની એક રીત છે, શ્રદ્ધા સાબિત કરવા ઘરમાં દીવો પ્રગટાવવો પણ પૂરતો છે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૩

સબરીમાલા મંદિર અને અન્ય ધાર્મિક સ્થળોએ મહિલાઓના પ્રવેશ તેમજ ભેદભાવના મામલે સુપ્રીમ કોર્ટમાં એક અત્યંત મહત્વની સુનાવણી ચાલી રહી છે. આ સુનાવણી દરમિયાન બુધવારે (૧૩ મે, ૨૦૨૬) દેશની સર્વોચ્ચ અદાલતે હિન્દુ ધર્મ અને આસ્થાને લઈને એક બહુ જ મોટું અને સૂચક અવલોકન કર્યું છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે હિન્દુત્વ એ કોઈ બંધાયેલો કટ્ટર ધર્મ નથી, પરંતુ એક જીવન જીવવાની રીત (way of life) છે. સાચા હિન્દુ હોવા માટે કે પોતાની શ્રદ્ધા સાબિત કરવા માટે તમારે રોજ મંદિરે જવું કે મોટા-મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરવા જરાય જરૂરી નથી. જો તમે તમારા ઘરના ખૂણામાં આસ્થાથી એક નાનકડો દીવો પ્રગટાવી લો છો, તો પણ તમારી શ્રદ્ધા સાબિત કરવા માટે તે પૂરતું છે. તમને જણાવી દઈએ કે, હાલમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ૯ જજોની એક મોટી બંધારણીય બેન્ચ આ સંવેદનશીલ કેસની સુનાવણી કરી રહી છે. આ અરજીઓમાં સબરીમાલા મંદિરમાં મહિલાઓ સાથે થતા ભેદભાવથી લઈને દાઉદી વ્હોરા સમુદાય સહિતના અલગ-અલગ ધર્મોમાં 'ધાર્મિક સ્વતંત્રતા' ના અધિકારોની મર્યાદા અંગે ચર્ચા થઈ રહી છે. બુધવારે આ કેસની સુનાવણીનો ૧૫મો દિવસ હતો.

કોર્ટરૂમમાં ચર્ચા દરમિયાન શું થયું તે વિગતે જાણીએ તો, સુનાવણી શરૂ થતાં જ એક પક્ષના વકીલ ડૉ. જી. મોહન ગોપાલે પોતાની દલીલ રજૂ કરી હતી. તેમણે કહ્યું કે હવે અલગ-અલગ ધાર્મિક સમુદાયોમાંથી સામાજિક ન્યાયની માંગ ઊઠી રહી છે. ૧૯૬૬ ના એક સંદર્ભનો ઉલ્લેખ કરતા વકીલે કહ્યું કે, "એક સમયે એવું માની લેવાયું હતું કે જે વ્યક્તિ આધ્યાત્મિક અને દાર્શનિક બાબતોમાં વેદોને સર્વોચ્ચ માને છે તે જ સાચો હિન્દુ છે. જોકે મને વેદો પ્રત્યે પૂરો આદર છે, પરંતુ મારો સવાલ એ છે કે શું આજે પોતાની જાતને હિન્દુ કહેવડાવતો દરેક વ્યક્તિ ખરેખર વેદોને જ સર્વોચ્ચ માને છે? અમને તો કોઈએ પૂછ્યું જ નહોતું."

વકીલની આ દલીલનો ખૂબ જ સચોટ જવાબ આપતા જસ્ટિસ બી.વી. નાગરત્નાએ કહ્યું કે, "તમારી વાત સાચી છે, અને એટલા માટે જ તો હિન્દુ ધર્મને એક 'જીવનશૈલી' કહેવામાં આવે છે. એક હિન્દુ તરીકે રહેવા માટે કાયમ મંદિરમાં જવું કે કોઈ ચોક્કસ ધાર્મિક વિધિઓ કરવી ફરજિયાત નથી." જસ્ટિસ નાગરત્નાએ એમ પણ ઉમેર્યું કે કોઈ પણ વ્યક્તિએ પરાણે ધાર્મિક બનવાનો દેખાડો કરવાની જરૂર નથી અને સાચા શ્રદ્ધાળુ લોકોના માર્ગમાં કોઈ કાનૂન કે પ્રથા અવરોધ બની શકે નહીં. આ ચર્ચામાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે પણ સૂર પુરાવતા નોંધ્યું કે વ્યક્તિની શ્રદ્ધા સાબિત કરવા માટે પોતાના ઘરમાં પ્રગટાવેલો એક દીવો પણ કાફી છે.

અત્રે એ પણ યાદ કરવું જરૂરી છે કે, સપ્ટેમ્બર ૨૦૧૮ માં સુપ્રીમ કોર્ટની ૫ જજોની બંધારણીય બેન્ચે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આ બહુમતી ચુકાદામાં કેરળના સબરીમાલા અયપ્પા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પર જે સદીઓ જૂનો પ્રતિબંધ હતો, તેને ગેરબંધારણીય અને ગેરકાયદેસર ગણાવીને ફગાવી દીધો હતો. હાલમાં આ ૯ જજોની બેન્ચ આ જ પ્રકારની ધાર્મિક માન્યતાઓ અને લોકોના મૂળભૂત અધિકારો વચ્ચેના ટકરાવ અંગે ઝીણવટભરી તપાસ કરી રહી છે.

### ડીઝલમાં પણ લિમિટ નક્કી કરી

# કેરળમાં હવે ૫૦૦૦થી વધારેનું પેટ્રોલ નહીં મળે

## આ પગલું તેલની સપ્લાય મેનેજ કરવા અને અચાનક સ્ટોક ખતમ થતા રોકવા માટે ઉઠાવવામાં આવ્યું છે

થિરૂવનંતપૂરમ્, તા.૧૩

કેરળમાં પેટ્રોલ પંપ પર ફ્યૂલના વેચાણને લઈ નવી લિમિટ નક્કી કરી દીધી છે. હવે પેટ્રોલ ૫૦૦૦ રૂપિયા અને ડીઝલ ૨૦૦ લીટરથી વધારે મળશે નહીં. આ પગલું તેલની સપ્લાય મેનેજ કરવા અને અચાનક સ્ટોક ખતમ થતા રોકવા માટે ઉઠાવવામાં આવ્યું છે. કંપનીઓએ ક્રેડિટ સિસ્ટમ બંધ કરી એડવાન્સ પેમેન્ટ શરુ કરી દીધું છે, જેનાથી પંપ માલિકો પર પ્રેશર વધી ગયું છે. કેરળના પેટ્રોલ પંપ પર ઓઈલના વેચાણને લઈ અચાનક લાગુ થયેલા નવા પ્રતિબંધોએ સામાન્ય જનતા અને વેપારીઓને હેરાન કરી નાખ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, હવે કોઈ પણ ગ્રાહક એક વારમાં ૫૦૦૦ રૂપિયાથી વધારેનું પેટ્રોલ ખરીદી શકશે નહીં. તો વળી ડીઝલ માટે પણ ૨૦૦ લીટરની મર્યાદા નક્કી કરી દીધી છે. કેરળના પેટ્રોલ પંપ પર ઓઈલના વેચાણને લઈ અચાનક લાગુ થયેલા નવા પ્રતિબંધોએ સામાન્ય જનતા અને વેપારીઓને હેરાન કરી નાખ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, હવે કોઈ પણ ગ્રાહક એક વારમાં ૫૦૦૦ રૂપિયાથી વધારેનું પેટ્રોલ ખરીદી શકશે નહીં. તો વળી ડીઝલ માટે પણ ૨૦૦ લીટરની મર્યાદા નક્કી કરી દીધી છે. આ નિર્ણય અચાનક તેલની કમી થવાના ડર અને સારી સપ્લાય મેનેજમેન્ટ માટે લેવામાં આવ્યો છે. હકીકતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હવે પંપોને તેમના શોર્ટ ટર્મ ડિમાન્ડના ધાર પર જ તેલ આપી રહી છે. આ જ કારણથી પંપો પાસે ખાલી થોડા દિવસનો સ્ટોક રહ્યો છે. કેરળ સ્ટેટ પેટ્રોલિયમ ટ્રેડર્સ એસોસિએશનનું કહેવું છે કે આ નિયમ ખાલી એટલા માટે બનાવ્યો છે, જેથી સ્ટોક સંપૂર્ણપણે ખતમ ન થાય.

સપ્લાય ચેઈનમાં આવેલા બદલાવના કારણથી હવે પંપોને મળતો સ્ટોક ખૂબ જ મર્યાદિત થઈ ગયો છે. પહેલા જ્યાં લાંબા ગાળા માટે તેલ મળી જતું હતું, ત્યાં હવે કંપનીઓ ખાલી ૧૨થી ૧૪ હજાર લીટરની નાની ખેપ મોકલી રહી છે. આ ઉપરાંત ક્રેડિટ સિસ્ટમને સંપૂર્ણપણે બંધ કરી દીધી છે.

હવે પંપ માલિકોને તેલ મગાવતા પહેલા જ એડવાન્સ પેમેન્ટ કરવું પડે છે. આ આર્થિક પ્રેશરના કારણથી કેટલાય નાના પંપ માલિક પોતાની જરૂરિયાતથી ઓછું તેલ મગાવી રહ્યા છે. જો કે કેન્દ્ર સરકાર અને ડિસ્ટ્રીબ્યૂટર્સે સ્પષ્ટ કહ્યું છે કે દેશમાં તેલની કોઈ કમી નથી. ભારત પાસે હજુ પણ લગભગ બે મહિનાનું ક્રૂડ ઓઈલ રિઝર્વ છે. આ નવી લિમિટ સૌથી વધારે એ લોકોને પ્રભાવિત કરશે, જે ટ્રાન્સપોર્ટ અથવા કન્સ્ટ્રક્શનના બિઝનેસમાં છે. મોટા ટ્રક અને મશીનરી માટે ૨૦૦ લીટર ડીઝલ ખૂબ જ ઓછું પડે છે. સામાન્ય વાહન ચાલકો માટે ૫૦૦૦ રૂપિયાનું પેટ્રોલ પૂરતું છે, પણ લાંબા અંતરમાં લોજિસ્ટિક ઓપરેટર્સ માટે આ મુશ્કેલીનું કારણ બની ગયું છે.

કંપનીઓનો દાવો છે કે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની વધતી કિંમતોના કારણે તેમને રોજ હજારો કરોડનું નુકસાન થઈ રહ્યું છે. આ ખોટને ઘટાડવા અને ડિસ્ટ્રીબ્યૂશનને બેલેન્સ કરવા માટે આ અસ્થાયી પગલું ઉઠાવવામાં આવ્યું છે. કેરળના લગભગ ૨૫૦૦ પેટ્રોલ પંપ હાલમાં આ નવી સિસ્ટમ અંતર્ગત કામ કરી રહ્યા છે.

ભારતમાં પણ આવા પગલાં લેવામાં આવી શકે છે

# દુનિયાના ઘણા દેશોમાં ફ્યુલ રેશનિંગ લાગુ કરવામાં આવી રહ્યું છે

## ઈરાન યુદ્ધ અને મિડલ ઈસ્ટમાં ઓઈલ પુરવઠાના માર્ગોમાં આવેલા અવરોધોને કારણે દુનિયા ગંભીર ઉર્જા સંકટમાં

નવી દિલ્હી, તા.૧૩

ઈરાન યુદ્ધ અને મિડલ ઈસ્ટમાં ઓઈલ પુરવઠાના માર્ગોમાં આવેલા અવરોધોને કારણે મે ૨૦૨૬માં આખી દુનિયા ગંભીર ઉર્જા સંકટનો સામનો કરી રહી છે. ભારત સહિત ઘણા દેશોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, શું હવે સામાન્ય જનતાને તેની જરૂરિયાત મુજબ પેટ્રોલ અને ડીઝલ નહીં મળે? શું સરકાર ફ્યુલ રેશનિંગ (Fuel Rationing) જેવું કડક પગલું ભરવા જઈ રહી છે? નોંધનીય છે કે, જો ભારતમાં કોટા સિસ્ટમ લાગુ થશે, તો લોકો નક્કી કરેલી મર્યાદાથી વધુ પેટ્રોલ, ડીઝલ કે ગેસ ખરીદી શકશે નહીં. શ્રીલંકા, પાકિસ્તાન, ફ્રાન્સ અને જર્મની જેવા દેશોમાં ક્યુઆર કોડ (QR Code), ઓડ-ઈવન નિયમ અને સાપ્તાહિક ફ્યુલ લિમિટ લાગુ થઈ ચૂકી છે. જો ભવિષ્યમાં સ્થિતિ વધુ બગડશે તો ભારત સહિત અન્ય દેશોમાં પણ આવા પગલાં લેવામાં આવી શકે છે.

સરળ શબ્દોમાં કહીએ તો, ફ્યુઅલ રેશનિંગ એ સરકાર દ્વારા લગાવવામાં આવતો એવો પ્રતિબંધ છે, જેના હેઠળ તમે તમારી મરજી મુજબ જેટલું ઈચ્છો એટલું પેટ્રોલ કે ડીઝલ ખરીદી શકતા નથી. સરકાર દરેક નાગરિક અથવા વાહન માટે એક કોટા નક્કી કરે છે. એક ચોક્કસ સમય મર્યાદામાં (જેમ કે એક અઠવાડિયામાં) તમે માત્ર મર્યાદિત માત્રામાં જ ઈંધણ ખરીદી શકશો. આ માટે સરકાર ઊઈ-કોડ, કૂપન અથવા વાહનોના નંબરના આધારે ઓડ-ઈવન જેવી પદ્ધતિઓ અપનાવે છે.

દુનિયાના કયા દેશોમાં લાગુ થઈ ચૂક્યો છે કોટા?

૨૦૨૬ના આ વૈશ્વિક સંકટમાં ઘણા દેશોએ પોતાની અર્થવ્યવસ્થાને બચાવવા માટે ઈંધણના વેચાણ પર મર્યાદા લગાવી દીધી છે.

શ્રીલંકા: અહીં નેશનલ ફ્યુલ પાસ (ઊઈ કોડ) સિસ્ટમ લાગુ છે. કાર માટે અઠવાડિયામાં માત્ર ૧૫-૨૫ લીટર અને મોટરસાયકલ માટે માત્ર ૫ લીટર પેટ્રોલ નક્કી કરવામાં આવ્યું છે.

પાકિસ્તાન: અહીં સ્થિતિ એટલી ગંભીર છે કે, વાહનને એક વારમાં માત્ર ૫ લીટર ઈંધણ મળી રહ્યું છે. સાથે જ સરકારી કર્મચારીઓ માટે અઠવાડિયામાં માત્ર ૪ દિવસ કામ કરવાનો નિયમ બનાવવામાં આવ્યો છે.

ફ્રાન્સ અને જર્મની: યુરોપના સમૃદ્ધ દેશો પણ હવે રેશનિંગના કગાર પર છે. ફ્રાન્સના કેટલાક વિસ્તારોમાં ઊઈ કોડ દ્વારા અઠવાડિયામાં ૧૫-૨૦ લીટરની મર્યાદા નક્કી કરવામાં આવી છે, જ્યારે જર્મનીમાં કેટલીક જગ્યાએ એક વારમાં માત્ર ૧૦ લીટર પેટ્રોલ મળી રહ્યું છે.

બાંગ્લાદેશ અને મ્યાનમાર: બાંગ્લાદેશે ઉર્જા બચાવવા માટે શાળાઓને ઓનલાઈન કરી દીધી છે અને વીજળીમાં રોટેશનલ કાપ (Load Shedding) શરૂ કરી દીધો છે. મ્યાનમારમાં ઓડ-ઈવન સિસ્ટમથી પેટ્રોલ આપવામાં આવી રહ્યું છે. સ્લોવેનિયા અને કેન્યા: સ્લોવેનિયાએ પ્રાઈવેટ ડ્રાઈવરો માટે અઠવાડિયામાં ૫૦ લીટરનો કોટા નક્કી કર્યો છે, જ્યારે કેન્યાએ સ્થાનિક સપ્લાય બચાવવા માટે ઓઈલની નિકાસ પર જ પ્રતિબંધ લગાવી દીધો છે.

ઈંધણની અછતની અસર ભારત પર પણ પડી છે. રિપોર્ટ અનુસાર, પેટ્રોલ પંપ સંચાલકોએ જાતે જ પેટ્રોલ-ડીઝલ ખરીદવાની એક મર્યાદા નક્કી કરી રાખી છે. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે થોડા દિવસો પહેલા બાઈક સવાર ગ્રાહકોને ૨૦૦ રૂપિયા અને કાર ચાલકોને ૨,૦૦૦ રૂપિયાથી વધુનું ઈંધણ આપવામાં આવતું ન હતું. હજુ પણ ઘણા શહેરોમાં પેટ્રોલ પંપ પર પોતાની ગાડીની ટાંકી ફૂલ કરાવવા પહોંચતા ગ્રાહકોને નિરાશ થઈને પરત ફરવું પડી રહ્યું છે. આનાથી જાણવા મળે છે કે કોઈ પણ સત્તાવાર આદેશ વિના જ પેટ્રોલ પંપ સંચાલકોએ પોતાની કાર્યશૈલી બદલીને કોટા સિસ્ટમ શરૂ કરી દીધી છે.

રાહુલ-પ્રિયંકા પણ હાજર

# સોનિયા ગાંધીની તબિયત લથડતા ગુરુગ્રામની હોસ્પિટલમાં દાખલ

## રાહુલ ગાંધીએ સોનિયા ગાંધીની સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓને કારણે પોતાનો નિર્ધારિત કેરળ પ્રવાસ રદ કર્યો

નવી દિલ્હી, તા.૧૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની તબિયત ફરી એકવાર લથડી છે. તેમને ગુરુગ્રામમાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે અને હાલ તેમની સ્થિતિ સ્થિર છે. જોકે સૂત્રો અનુસાર તેમને એક સામાન્ય સર્જરી માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યાની જાણકારી મળી રહી છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ હોસ્પિટલમાં તેમની સાથે જ જોવા મળ્યા હતા. અગાઉ ૨૪ માર્ચના રોજ પણ તાવ અને ઈન્ફેક્શનની ફરિયાદ બાદ તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં ડૉક્ટરો તેમના પેટ અને યુરિનરી ટ્રેક્ટમાં સંભવિત ઈન્ફેક્શનની તપાસ માટે આગળની પ્રક્રિયા કરી રહ્યા છે.

માતાની તબિયત બગડતા લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે સોનિયા ગાંધીની સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓને કારણે પોતાનો નિર્ધારિત કેરળ પ્રવાસ રદ કર્યો છે.

કોઝિકોડમાં એક રેલીને વર્ચ્યુઅલી સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, માતા હોસ્પિટલમાં હોવાથી એક પુત્ર તરીકે તેમની સાથે રહેવું જરૂરી હોવાથી તેઓ વ્યક્તિગત રીતે હાજર રહી શક્યા નથી.

સોનિયા ગાંધી છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ગત વર્ષે જૂન મહિનામાં પણ પેટને લગતી સમસ્યાઓના કારણે તેમને ગેસ્ટ્રોએન્ટરોલોજી વિભાગમાં નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ૭ જૂન, ૨૦૨૫ના રોજ તેમને શિમલાની ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પણ દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં મેદાંતા હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોની ટીમ તેમની સારવાર કરી રહી છે.

હવે RBI ગવર્નરે આશંકા વ્યક્ત કરી

# ભારતને ઈંધણના ભાવમાં વધારો કરવાની ફરજ પડી શકે છે

## જો યુદ્ધની પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો સરકાર ભાવ વધારાનો કેટલોક ભાગ ગ્રાહકો પર નાખશે

નવી દિલ્હી, તા.૧૩

આગામી દિવસોમાં સામાન્ય જનતાના ખિસ્સા પર મોંઘવારીનો વધુ એક બોજ પડે તેવી શક્યતા સેવાઈ રહી છે. આ દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, જો મિડલ ઈસ્ટમાં લાંબા સમય સુધી યુદ્ધની સ્થિતિ ચાલુ રહેશે, તો ભારતને ઈંધણના ભાવમાં વધારો કરવાની ફરજ પડી શકે છે. એક કાર્યક્રમમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું છે કે, જો યુદ્ધની પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો સરકાર ભાવ વધારાનો કેટલોક ભાગ ગ્રાહકો પર નાખશે. રાજ્યના ઈંધણ રિટેલર્સ ક્રૂડ ઓઈલના વધતા ભાવનો બોજ સહન કરી રહ્યા છે. એપ્રિલમાં ભારતમાં ફુગાવો વધીને ૩.૪૮ ટકા થયો. આ અપેક્ષા કરતા ઓછો હતો કારણ કે સરકારે ક્રૂડ ઓઈલના વધેલા ભાવનો બોજ ઉઠાવ્યો હતો.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિદેશી હૂંડિયામણને બચાવવા માટે નાગરિકોને સ્વૈચ્છિક ખર્ચમાં ઘટાડો કરવા વિનંતી કરી છે.તેમણે પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઘટાડવા પર ભાર મૂક્યો હતા. આ ઉપરાંત સોનાની ખરીદી મુલતવી રાખવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે સરકારે સોના પરની આયાત ડ્યુટી પણ બમણી કરી દીધી છે.

રિઝર્વ બેંકે આ નાણાકીય વર્ષમાં ૬.૯ ટકા વૃદ્ધિ (GDP Growth)નો અંદાજ લગાવ્યો છે, જેમાં ફુગાવાનો સરેરાશ ૪.૬ ટકા રહેવાની ધારણા છે. નોંધનીય છે કે,રિઝર્વ બેંકે એપ્રિલમાં તેનો મુખ્ય નીતિ રેપો રેટ ૫.૨૫ ટકા રાખ્યો હતો. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે મિડલ ઈસ્ટમાં ચાલતા યુદ્ધને કારણે સપ્લાય-ચેઈનમાં વિક્ષેપ પડી રહ્યો છે, જેની સીધી અસર ભારત પર થઈ રહી છે. જો આ વિક્ષેપ વધશે તો નાણાકીય સંકલન વધુ મુશ્કેલ બનશે અને આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે. હાલમાં ભારત સરકાર ક્રૂડ ઓઈલના ભાવ પર ચાંપતી નજર રાખી રહી છે, પરંતુ વૈશ્વિક અસ્થિરતા જો જોતા ઈંધણના ભાવમાં વધારો હવે અનિવાર્ય જણાતો હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

સરકારી વિભાગોના ખર્ચમાં પણ મુકાશે કાપ

# PM મોદીએ SPG કાફલામાં ઘટાડો કરવાના આપ્યા નિર્દેશ

## આ પહેલથી સરકારી સંસાધનોની બચત થશે અને સાથે સાથે મંત્રીઓ અને અધિકારીઓ માટે એક ઉદાહરણ પણ બનશે

નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારી ખર્ચમાં ઘટાડો કરવાને પ્રોત્સાહન આપવા માટે પોતાના કાફલામાં ઘટાડો કરવાના નિર્દેશ આપ્યા છે. આ પહેલથી સરકારી સંસાધનોની બચત થશે અને સાથે સાથે મંત્રીઓ અને અધિકારીઓ માટે એક ઉદાહરણ પણ બનશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાને તેમની સુરક્ષા માટે તૈનાત સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG) ને કાફલામાં વાહનોની સંખ્યા ૫૦ ટકા ઘટાડવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા વધારવાની પણ ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ વધારાના ખર્ચ ટાળવા માટે નવા વાહનોની ખરીદી સ્થગિત કરી દીધી છે. SPG એ આ નિર્દેશનો અમલ શરૂ કરી દીધો છે. દિલ્હીની બહાર તાજેતરના પ્રવાસોમાં કાફલાના કદમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સુરક્ષા એજન્સી ખાતરી કરી રહી છે કે બ્લુ બુકમાં નિર્ધારિત સુરક્ષા ધોરણો સાથે કોઈ સમાધાન ના થાય. રવિવારે હૈદરાબાદની તેમની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ જનતાને ઈંધણ અને સોનાનો વપરાશ ઘટાડવાની સીધી અપીલ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન પોતે આ પહેલ શરૂ કરી એ સમગ્ર સરકારી તંત્રને કરકસર અપનાવવાનો સ્પષ્ટ સંકેત છે. સરકારી વિભાગોને પણ ખર્ચ ઘટાડવાના રસ્તાઓ સૂચવવા માટે કહેવામાં આવ્યું છે. આ પગલાથી કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોને તેમના ખર્ચની સમીક્ષા કરવા અને બિનજરૂરી ખર્ચને રોકવા માટે પ્રેરિત થવાની અપેક્ષા છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે સરકાર આર્થિક શિસ્ત અને આત્મનિર્ભરતા પર ભાર મૂકી રહી છે.

આ સાથે મંગળવારે હિમંત બિસ્વા સરમાના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન વડા પ્રધાન કાર્યાલય (PMO) એ તમામ મુખ્યમંત્રીઓને વડાપ્રધાનના ભાષણની નકલ પૂરી પાડી, જેમાં તેમણે દેશવાસીઓને કટોકટી દરમિયાન સંયમ જાળવવાની અપીલ કરી હતી. એક એક્શન પ્લાન પણ પુરો પાડવામાં આવ્યો હતો. આ એક્શન પ્લાનમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારવો અને ઓનલાઈન બેઠકો યોજવાનો સમાવેશ થતો હતો. શપથ ગ્રહણ સમારોહમાંથી પાછા ફર્યા પછી ઘણા મુખ્યમંત્રીઓએ તેમના કાફલા ઘટાડ્યા છે અને અન્ય ઘણા પગલાં લીધા છે.

વડાપ્રધાનની આ અપીલની સીધી અને મોટી અસર ગુજરાતમાં જોવા મળી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વડાપ્રધાનની વાતને શિરોમાન્ય ગણીને પોતાનો આગામી અમેરિકાનો પ્રવાસ તાત્કાલિક અસરથી રદ કરી દીધો છે. આ સાથે જ તેમણે રાજયના નાગરિકોને પણ પીએમ મોદીની આ ઝુંબેશમાં પૂરો સહયોગ આપવા વિનંતી કરી છે.

કારપુલિંગનો અંગે સત્તાવાર પરિપત્ર જાહેર કર્યો

# વડાપ્રધાનની અપીલ બાદ ગુજરાત યુનિ.એ કર્યો કાર પુલિંગનો નિર્ણય

## ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે વર્ક ફ્રોમ હોમનો કોઈ નિર્ણય લેવાયો નથી કારણ કે, હાલમાં ટિચિંગ સ્ટાફનું વેકેશન ચાલી રહ્યું છે

અમદાવાદ, તા.૧૩

પશ્ચિમી એશિયા દેશોમાં યુદ્ધની સ્થિતિને કારણે આ દસકનું સૌથી મોટું સંકટ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ક ફ્રોમ હોમ અને પેટ્રોલ ડીઝલના વપરાશ મુદ્દેની અપીલની ભારે અસર થઈ છે. રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટીએ કાર પુલિંગનો અંગે સત્તાવાર પરિપત્ર જાહેર કર્યો છે.

પ્રધાનમંત્રી મોદીની અપીલને પગલે ગુજરાત યુનિવર્સિટીએ મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ અને સંલગ્ન કોલેજોમાં કાર બાઈક પુલિંગનો નિર્ણય કર્યો છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવવાની અપીલ છે તેને ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધિકારીઓ માટે કાર, બાઈક પુલિંગનો નિર્ણય કરવામાં આવ્યો છે એનો મતલબ એ છે કે જે પણ કર્મચારી અધિકારી કાર લઈને આવતા હોય તે તેમની સાથે નજીકમાં કે, આસપાસ રહેતા કર્મચારી અને અધિકારીને સાથે લઈને આવે જેનાથી વાહનનો વપરાશ ઘટે તો ઈંધણની પણ બચત થઈ શકશે. આ મામલે ઝડપથી પરિપત્ર જાહેર કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો તેમજ યુનિવર્સિટી સંલગ્ન ૨૮૦ જેટલી કોલેજોમાં આ નિર્ણય કરશે.

ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે વર્ક ફ્રોમ હોમનો કોઈ નિર્ણય લેવાયો નથી. કારણ કે, હાલમાં ટિચિંગ સ્ટાફનું વેકેશન ચાલી રહ્યું છે. યુનિવર્સિટીની ફાઈનલ પરીક્ષા ચાલી રહી છે જેના કારણે નોન ટિચીંગ સ્ટાફને વર્ક ફ્રોમ હોમ ન આપી શકાય. પરીક્ષા બાદ સ્થિતિને ધ્યાનમાં રાખીને વર્ક ફ્રોમ હોમનો નિર્ણય કરવામાં આવશે.

મહત્વનું છે કે, યુનિવર્સિટીમાં હાલ જે કોઈ પ્રોફેસર આવે છે તેઓ પોતાનું વાહન લઈને આવે છે. જો નજીક રહેતા પ્રોફેસર કે કર્મચારીઓ અધિકારીઓ સમજીને એક જ વાહનનો ઉપયોગ કરે એ જરૂરી છે. તેનાથી વાહનનો વપરાશ ઘટશે અને ઈંધણની બચત થશે. આ નિર્ણયથી ૩૦થી ૪૦ ટકા વાહનોનો વપરાશ ઘટશે. તેવી જ રીતે વહીકલ લઈને આવતા કર્મચારીઓ જો EV બસનો કે જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરી તે પણ અપીલ કરી છે.

આ પ્રકારના નિર્ણયથી ૫૦ ટકા વાહનોનો વપરાશ ઘટશે. ગુજરાત યુનિવર્સિટીએ પ્રધાનમંત્રીની અપીલને ધ્યાને રાખી આ નિર્ણય કરતા રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બની છે. આમાંથી પ્રેરણા લઈ અન્ય યુનિવર્સિટીઓએ પણ વાહનોનો વપરાશ ઓછો થાય તેવા પ્રયાસ કરવા જોઈએ

અજિત પવાર સાથે વિમાન દુર્ઘટના અહીં જ ઘટી હતી

# મહારાષ્ટ્રના બારામતીમાં ફરી પ્લેન ક્રેશની ઘટના બની

## બંને ટ્રેઈની પાયલટ સુરક્ષિત હોવાની માહિતી સામે આવી

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્રના બારામતીમાં ફરી એકવાર પ્લેન ક્રેશ થયાની માહિતી સામે આવી છે. આ પ્લેન એક ટ્રેઈની વિમાન હતું.

માહિતી અનુસાર આ ટુ સીટર વિમાન બારામતીના ગોજુબાબી ગામમાં જ તૂટી પડ્યું હતું. તેમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાયાની માહિતી સામે આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે અજિત પવારનું પ્લેન પણ અહીં જ બારામતીમાં ક્રેશ થયું હતું. બંને ટ્રેઈની પાયલટ સુરક્ષિત હોવાની માહિતી સામે આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ એ જ બારામતી વિસ્તાર છે જ્યાં અગાઉ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન પણ અકસ્માતનો ભોગ બન્યું હતું. ફરી એકવાર એ જ સ્થળે પ્લેન ક્રેશ થતાં સુરક્ષા અને ટેક્નિકલ પાસાઓ પર સવાલો ઊભા થઈ રહ્યા છે. સદનસીબે આ ઘટનામાં જાનહાનિ અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી નથી, પરંતુ તપાસ એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી રહી છે.

NEET પેપર લીક મામલે મોટો ખુલાસો

# ૨ ભાઈઓએ 30 લાખમાં ડોક્ટર પાસેથી પેપર ખરીદ્યાનો દાવો

## ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ સુધી પેપર પહોંચાડ્યાનો આરોપ

નવી દિલ્હી, તા.૧૩

NEET 2026ની પરીક્ષાના પેપર લીક થવાના મામલે તપાસ એજન્સીઓએ એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે હરિયાણાના ગુરુગ્રામમાં રહેતા એક ડૉક્ટર પાસેથી આ પેપર આશરે ૩૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યું હતું. જમવારામગઢના બે ભાઈઓ, માંગીલાલ બિવાલ અને દિનેશ બિવાલે ગત ૨૬ અને ૨૭ એપ્રિલના રોજ આ પેપર મેળવ્યું હતું. ત્યારબાદ, દિનેશ બિવાલે આ પ્રશ્નપત્ર તેના પુત્રને આપ્યું હતું, જે સીકર ખાતે રહીને મેડિકલ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. આ ખુલાસા બાદ હવે તપાસનો ધમધમાટ તેજ થયો છે.

દહેરાદૂનથી પકડાયેલા આરોપી રાકેશ કુમાર મંડવારિયા વિશે તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, રાકેશે આશરે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ સુધી પરીક્ષાનું પેપર પહોંચાડ્યું હતું. આ કૌભાંડમાં પેપર પહેલા ડિજિટલ માધ્યમથી મોકલવામાં આવતું અને ત્યારબાદ તેની પ્રિન્ટ કાઢીને લાખો રૂપિયામાં વેચવામાં આવતું હતું. આ સાથે જ, હરિયાણાથી યશ યાદવ નામના અન્ય એક આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે, જેના પર વિદ્યાર્થીઓને પેપર વેચવાનો આરોપ છે. મેડિકલ કોચિંગના હબ તરીકે જાણીતું રાજસ્થાનનું સીકર હવે તપાસ એજન્સીઓના નિશાના પર છે.

તપાસમાં સામે આવ્યું છે કે કેટલાક વિદ્યાર્થીઓ અને કોચિંગ સંચાલકોએ વોટ્સએપ અને ટેલિગ્રામ પર ગ્રૂપ્સ બનાવીને પ્રશ્નપત્રો અને તેના જવાબો વહેંચ્યા હતા. આ પેપર લીક ક્યાંથી અને કેવી રીતે થયું તેના મૂળ સુધી પહોંચવા માટે એજન્સીઓ હવે આ ગ્રૂપ્સના સંચાલકો (એડમિન) અને તેમાં જોડાયેલા સભ્યોની ડિજિટલ વિગતોની ઊંડી તપાસ કરી રહી છે. તપાસ દરમિયાન એક મોટી વિગત એ સામે આવી છે કે મુખ્ય આરોપી દિનેશ બિવાલના પરિવારના ચાર બાળકોએ ગયા વર્ષે જ NEETની પરીક્ષા પાસ કરી હતી. આરોપીઓએ કબૂલાત કરી છે કે તેમને એક મહિના પહેલા જ પેપર લીક થવાની જાણ થઈ ગઈ હતી, જેના આધારે તેઓએ પહેલેથી જ ગોઠવણ કરી રાખી હતી.

બીજી તરફ, પેપર લીકની ઘટનાને પગલે દેશભરના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક વિદ્યાર્થી સંગઠનોએ પરીક્ષાની પારદર્શિતા પર સવાલ ઉઠાવ્યા છે અને જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ કરી છે. હાલમાં તપાસ એજન્સીઓ આ આખા કૌભાંડને ખુલ્લું પાડવા માટે સતત દરોડા પાડી રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

યુપી અને રાજસ્થાનમાં મુખ્યમંત્રીઓના કાફલામાં મોટો ઘટાડો

# પીએમ મોદીની અપીલ બાદ ગુજરાત સહિત ૫ રાજ્યોમાં ઈંધણ બચાવવા સરકાર એક્ટિવ

## આગામી સમયમાં ઈંધણની વપરાશ હજુ ઘટાડવા માટે રાજ્યો દ્વારા 'નો વ્હીકલ ડે' જેવા સૂચનો પર વિચાર કરવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૩

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા તણાવને કારણે ઈંધણના પુરવઠા પર અસર પડવાની આશંકા છે, જેને ધ્યાનમાં રાખીને પીએમ મોદીએ દેશભરમાં ઈંધણ બચાવવાની અપીલ કરી હતી. આ અપીલને પગલે ભાજપ શાસિત રાજ્યોમાં કડક અમલવારી શરૂ કરી દેવામાં આવી છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાત જેવા રાજ્યોએ સરકારી સ્તરે પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા માટે મહત્ત્વના નિર્ણયો લીધા છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય ભવિષ્યમાં આવનારા કોઈ પણ મોટા આર્થિક કે ઊર્જા સંકટનો સામનો કરવાનો છે.ઈંધણ બચાવવા માટે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક મોટો દાખલો બેસાડ્યો છે. તેમણે મુખ્યમંત્રી અને મંત્રીઓના કાફલામાં વપરાતી ગાડીઓની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ મુસાફરી ઘટાડવા માટે સરકારી બેઠકો ઓનલાઈન યોજવા અને અઠવાડિયામાં બે દિવસ 'વર્ક ફ્રોમ હોમ' કરવા જેવી સલાહ પણ આપવામાં આવી છે. બીજી તરફ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પણ પોતાના કાફલામાંથી વધારાના વાહનો હટાવી દીધા છે અને અધિકારીઓને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા સૂચના આપી છે.મધ્ય પ્રદેશમાં પણ મુખ્યમંત્રી મોહન યાદવે રાષ્ટ્રહિતમાં ઈંધણ બચાવવા માટે પોતાના કાફલાની ગાડીઓની સંખ્યા ૧૩થી ઘટાડીને ૮ કરી દીધી છે. તેમણે નવનિયુક્ત પદાધિકારીઓને સાદગીથી કામ કરવા અને જનતાને પબ્લિક ટ્રાન્સપોર્ટ વાપરવા વિનંતી કરી છે. દિલ્હીમાં પણ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સરકારી કામકાજ માટે વાહનોની સંખ્યા સીમિત કરી છે અને મંત્રીઓ તથા ધારાસભ્યોને કારપૂલિંગ તેમજ મેટ્રો-બસ જેવી સુવિધાઓનો ઉપયોગ કરવાના સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.ગુજરાતમાં પણ પીએમની આ મુહિમની ગંભીર અસર જોવા મળી છે. ઈંધણ અને સરકારી ખર્ચમાં બચત કરવાના હેતુથી ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ પોતાનો નિર્ધારિત અમેરિકા પ્રવાસ રદ કરીને એક નવી મિસાલ રજૂ કરી છે. આ નિર્ણયને સરકારની ઊર્જા બચત પ્રત્યેની ગંભીરતા તરીકે જોવામાં આવી રહ્યો છે.આગામી સમયમાં ઈંધણની વપરાશ હજુ ઘટાડવા માટે રાજ્યો દ્વારા 'નો વ્હીકલ ડે' જેવા સૂચનો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, ઈલેક્ટ્રિક વાહનો, સીએનજી બસો અને સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઓફિસના સમયમાં ફેરફાર કરવાના સૂચનો પણ સામે આવ્યા છે જેથી ટ્રાફિક જામ ઓછો થાય અને બિનજરૂરી ઈંધણ ન બળે. સરકારનું માનવું છે કે જ્યારે દરેક નાગરિક નાના-નાના પગલાં ભરશે ત્યારે જ આ મોટા ઊર્જા સંકટ સામે વિજય મેળવી શકાશે.

# રાજુલા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માત્ર ૨ ગાડીઓના કાફલા સાથે પહોંચ્યા



અમરેલી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ઈંધણ બચત અને સાદગીપૂર્ણ જીવનશૈલી અપનાવવાની કરેલી અપીલને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખરા અર્થમાં ચરિતાર્થ કરી બતાવી છે.

આજે અમરેલી જિલ્લાના રાજુલા ખાતે યોજાયેલા ''મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર''ના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી માત્ર ૨ ગાડીઓના ટૂંકા કાફલા સાથે પહોંચ્યા હતા. સામાન્ય રીતે WIP મુલાકાત દરમિયાન લાંબા કાફલા અને ભારે સુરક્ષા વ્યવસ્થા જોવા મળતી હોય છે, ત્યારે મુખ્યમંત્રીએ પોતાના સુરક્ષા કાફલામાં નોંધપાત્ર ઘટાડો કરી સાદગી અને જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

મુખ્યમંત્રીએ ઈંધણ બચતના સંદેશને પ્રાથમિકતા આપતા ઓછા વાહનો સાથે પ્રવાસ ખેડ્યો હતો. તેમની આ પહેલથી માત્ર ઈંધણ બચતનો સંદેશ જ નથી ગયો પરંતુ વહીવટી તંત્ર અને જનતા સમક્ષ પણ એક પ્રેરણાદાયી ઉદાહરણ ઉભું થયું છે.

WIP કલ્ચરથી અલગ રીતે સામાન્ય નાગરિક જેવી સાદગી અપનાવી મુખ્યમંત્રીએ લોક મેળવણીય શૈલીનું પણ પ્રદર્શન કર્યુ હતું. કાર્યક્રમ સ્થળે હાજર કાર્યકર્તાઓ, આગેવાનો અને સ્થાનિક લોકોમાં મુખ્યમંત્રી પ્રત્યે વિશેષ આદર અને પ્રશંસાની લાગણી જોવા મળી હતી. રાજુલા ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીની સાદગીપૂર્ણ કાર્યશૈલી ચર્ચાનો વિષય બની રહી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૫૦ | ૨૦૧૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૮૦ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૧૨૬૦ | ૧૪૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૩૦ |
| ૫ | તલ કાળા | ૩૦૨૦ | ૩૪૬૦ |
| ૬ | જીરૂ | ૩૦૫૦ | ૩૮૪૦ |
| ૭ | ચણા | ૧૦૨૫ | ૧૦૬૫ |
| ૮ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૧૫ | ૧૧૯૫ |
| ૧૦ | મગ | ૧૪૨૦ | ૧૭૫૦ |
| ૧૧ | તુવેર | ૧૨૩૦ | ૧૪૧૦ |

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### જુનાગઢ–વિસાવદર રૂટ ઉપર

# રેલ્વે ટ્રેનનાં સતર્ક પાઈલટે ૬ જેટલાં સિંહોનાં ટોળાને ટ્રેનની હડફેટમાં આવતાં બચાવ્યા


## વન ટ્રેકરે સિંહોને રેલ્વે ટ્રેક પરથી દુર કર્યા

અમરેલી, તા. ૧૩

પશ્ચિમ રેલ્વેનાં ભાવનગર રેલ્વે મંડળ દ્વારા એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રશાસનનાં માર્ગદર્શન હેઠળ ટ્રેનનાં પાઈલટો નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરવા અને અત્યંત સતર્કતા સાથે ટ્રેનોનું સંચાલન કરી રહ્યા છે. લોકો પાઈલટોની જાગૃતિ તથા વન વિભાગનાં ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સંકલિત પ્રયાસોનાં પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન કુલ ૧૫૯, નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ૧૨૯ અને વર્તમાન નાણાકીય વર્ષમાં એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં કુલ ૧૧ સિંહોને બચાવવામાં આવ્યા છે.

ભાવનગર મંડળનાં વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે, ગત તા. ૧૨ મંગળવારનાં રોજ રેલ્વે ટ્રેનનાં પાઈલટ રમેશ પી. જૂનાગઢ તથા સહાયક લોકો પાઈલટ ચિંતનકુમાર જૂનાગઢ વિભાગના ટ્રેન નંબર ૫૨૯૪૬ જૂનાગઢ–વેરાવળપેસેન્જરનું સંચાલન કરી રહ્યા હતા.

આ દરમિયાન જૂનાગઢ –વિસાવદરનાં રૂટનાં કિલો મીટર નંબર ૫/૧ નજીક રેલ્વે ટ્રેક પર અચાનક ૬ જેટલાં સિંહોનું એક ટોળું રેલ્વે લાઈનનાં પાટા પાર કરતું જોવા મળ્યું હતું. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલ્વેનાં પાઈલટે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે અટકાવી દીધી હતી, જેના કારણે તમામ સિંહો અકસ્માતથી બચી ગયા.



આ બનાવ અંગે ટ્રેનનાં પાઈલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) લલનકુમારને જાણ કરતા વન વિભાગનાં ટ્રેકર સ્થળ પર પહોંચી જઈ તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલ્વે ટ્રેક પરથી દૂર કર્યા હતાં. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ ટ્રેનનાં પાઈલટને ટ્રેન ફરી આગળ ચલાવવાની મંજૂરી આપવામાં આવી.

આ ઘટનાની જાણ થતાં મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિત મંડળનાં અન્ય અધિકારીઓએ આ ટ્રેનનાં પાઈલટોની સતર્કતા, સંવેદનશીલતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી.

ભાવનગર મંડળ વન્યજીવ સંરક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. અને રેલ્વે તથા વન વિભાગનાં સંકલિત પ્રયાસો દ્વારા એશિયાટિક સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત કાર્ય કરતું રહેશે.

### પાના ૧ ઉપરનું ચાલું ચાલુ ટ્રકમાંથી શીંગની બોરી

અવાવરૂ મળી આવતા રાહદારીને પુછપરછ કરતા જાણવા મળેલ કે શીંગની બોરીઓ ભરેલ ટ્રકમાંથી બોરીઓ પડી ગયેલ હોય જેથી તાત્કાલિક આગળ રસ્તામાં રાહદારીઓને પુછપરછ કરતા સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડ પાસે ટ્રક નં. જીજે–૦૧–એલટી–૦૦૪૬ તથા તેના ચાલક વરવાભાઈ કરશનભાઈ વસરાને રોકી પુછપરછ કરતા તેઓ જણાવતા હોય કે મારા ટ્રકમાંથી બોરીઓ પડી ગયેલ હોય સદરહું બોરી બોલેરો ગાડીમાં હોય ટ્રક ડ્રાઈવરને બતાવતા જેઓ પોતાના ટ્રકમાંથી પડી ગયેલ બોરીઓ(કોથળા) નંગ–૦૨ કિ.રૂ.૫૦૦૦/– ની પોતાની માલિકીની હોવાનુ જણાવતા હોય જેઓને પોતાની શીંગની બોરીઓ કિ.રૂ.૫૦૦૦/– પરત સોંપી આપેલ છે.

આ કામગીરી સી.પી. વાઘેલા પો.ઈન્સ.સા. એલ.સી.બી.ના માર્ગદર્શન હેઠળ એમ.ડી. ગોહિલ પો.સબ ઈન્સ. પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી, અના.એ.એસ.આઈ. એ.એમ. સોલંકી તથા આઉટ સોર્સ ડ્રાઈવર અનિભાઈ ચાવડાએ રીતેના જોડાયેલ હતા.

ધો. ૧૨ A1 - A2 ગ્રેડને
ધો. ૧૨ની એક વર્ષની
50% - 25% ભરેલ
સ્કૂલ ફી શરતી પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 063

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં રાજસ્થળી ગામનાં યુવકનું

રોજ સાંજના આશરે સાડા પાંચેક વાગ્યાના સમયે માંગવાપાળથી અમરેલી તરફ પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એઆર–૭૯૬૦ લઈને આવતા હતા. ત્યારે અમરેલી માંગવાપાળ રોડ ઉપર આવેલ નારાયણ જીનીંગ મીલ સામે પહોંચતા સામેથી આવતી એક એસ.ટી. બસના ચાલકે એસ.ટી. બસ પુરઝડપે ચલાવી વકીલના ભાઈ ભાવેશભાઈના મોટર સાયકલ સાથે અકસ્માત કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા ભાવેશભાઈને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં ભાવેશભાઈનું સારવાર દરમ્યાન મોત નિપજયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું રાજુલા ખાતે ૧૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી

ડાયાલિસિસ સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કરી અને સેવાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. મુખ્યમંત્રીએ આ સેવાઓ રાજુલા પંથકમાં શરૂ કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક સભ્ય રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરને અભિનંદન આપતા સર્વે ટ્રસ્ટીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સુપ્રસિદ્ધ કથાકાર મોરારીબાપુની પ્રેરણાથી મૂળ રાજુલાના ઉદ્યોગપતિ, સ્વ. અનિલકુમાર નંદલાલ મહેતા પરિવાર દ્વારા રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવી હતી.

આ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૯માં 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'ની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં ઓ.પી.ડી. અને ડાયાલીસીસ જેવા વિભગોમાં પ્રતિદિન દરરોજ ૧૦૦ દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવતી હતી, જેના થકી આ યોજનાનો પાયો નંખાયો હતો.

વર્ષ ૨૦૧૯માં ૦૩ ઓકટોબરના રોજ આ હાસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલની સંપૂર્ણ સેવાઓ આગામી ટૂંક સમયમાં શરૂ થશે, જયારે ઓ.પી.ડી સહિતની કેટલીક સેવાઓ ગુરૂવારથી શરૂ થશે. હાસ્પિટલમાં લેબોરેટરી, મેડિકલ સ્ટોર અને ભોજનાલય જેવી સેવાઓ પણ આપવામાં આવશે.

દાતાઓના સહયોગથી નિર્મિત આ હોસ્પિટલ માનવસેવાના ઉત્તમ સંકલ્પનું પ્રતિક બની રહેશે. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલ આ સેવા કાર્યથી આ વિસ્તારના હજારો પરિવારોને સીધો લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીનું સંસ્થાના ટ્રસ્ટીઓ અંબરીશભાઈ ડેર, અજયભાઈ મહેતા, દાતાઓ માયાભાઈ આહીર સહિત રાજુલાના રહેવાસીઓએ હોસ્પિટલના પ્રાંગણમાં અભિવાદન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજુલા–જાફરાબાદ મતવિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા–લીલીયા મતવિસ્તાર ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, એ.એસ.પી. જયવીર ગઢવી, સ્થાનિક અગ્રણીઓ, તબીબો તેમજ હોસ્પિટલના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીમાં નવનિયુક્ત થનાર પાલિકાનાં શાસકો

શૌચાલયો કાંતો નર્કાગારની હાલતમાં કાં તો બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે તેમજ મહિલાઓ માટે જાહેર શૌચાલયની સુવિધા પણ ઉભી કરવી પડશે.

તદ્ઉપરાંત, શહેરમાં જાહેર માર્ગો કે ફૂટપાથ પરનાં દબાણો દૂર કરીને માર્ગોને ખુલ્લા કરવા પડશે અને શહેરમાં આવેલ તમામ સરકારી કે ખાનગી બિસ્માર મિલ્કતોને હટાવવી પડશે. તેમજ શહેરમાં બાગ–બગીચા, જુદા–જુદા વોર્ડમાં કોમ્યુનિટી હોલ, સુંદર મજાનાં સર્કલ સહિતની અગણિત કામગીરી કરવી પડશે. જેનો સીધો લાભ સત્તા પક્ષને આગામી દોઢ વર્ષ બાદ યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મળશે તેમાં કોઈ શંકા નથી.

### પાના ૮ ઉપરનું ચાલું ધરાઈનાં આશાસ્પદ ખેડૂત યુવકનું

તેમનું મોટરસાઈકલ સ્લીપ થઈ જતાં તેઓ પડી ગયા હતાં. અને માથાનાં ભાગે ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજયું હતું.

સેવાભાવી અને ઉત્સાહી ડાયાભાઈનું અકસ્માતે મોત થતા નાના એવા ધરાઈ ગામ અને સતાણી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ બનાવ બાદ ધરાઈ ગામે કુળદેવી માતાજીનાં મંદિરે ધૂન, ભજન, કીર્તન અને ગરીબ પરિવારને ભોજન કરાવી સતાણી પરિવારે દ્વારા સદગતનાં આત્માની શાંતિ માટે પ્રાર્થનાં સભા યોજાઈ હતી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૦૦ | ૧૭૨૫ |
| ૨ | મગફળી | ૧૨૦૧ | ૧૨૬૬ |
| ૩ | ચણા | ૧૦૧૦ | ૧૦૩૬ |
| ૪ | સોયાબીન | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૮૦ |
| ૬ | તલ કાળા | ૩૨૦૦ | ૩૩૦૫ |
| ૭ | તુવેર | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૮ | ઘઉં | ૩૦૦ | ૪૪૧ |
| ૯ | બાજરો | ૪૨૨ | ૪૩૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૫૫ | ૧૪૫૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૦ | ૧૫૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૨૦ | ૧૯૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૪૦ | ૨૨૭૫ |
| ૬ | તલ કાળા | ૨૪૪૦ | ૩૬૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૯૦ | ૨૧૯૫ |
| ૮ | બાજરો | ૩૮૫ | ૪૮૦ |
| ૯ | જુવાર | ૫૬૦ | ૯૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૫ | ૪૮૦ |
| ૧૨ | મગ | ૧૩૯૫ | ૧૭૦૦ |
| ૧૩ | અડદ | ૯૮૦ | ૯૮૦ |
| ૧૪ | ચણા | ૮૧૦ | ૧૦૬૦ |
| ૧૫ | ચણા દેશી | ૯૮૦ | ૯૮૦ |
| ૧૬ | સફેદ ચણા | ૯૮૫ | ૧૦૯૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૪૧૫ |
| ૧૯ | કપાસ | ૧૦૯૦ | ૧૯૮૫ |
| ૨૦ | એરંડા | ૯૦૦ | ૧૨૭૦ |
| ૨૧ | જીરૂ | ૩૧૬૦ | ૩૮૩૦ |
| ૨૨ | રાય | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૨૩ | ધાણા | ૧૭૦૦ | ૨૨૯૫ |
| ૨૪ | ધાણી | ૧૭૬૦ | ૨૬૦૦ |
| ૨૫ | અજમા | ૧૪૨૫ | ૧૮૦૦ |
| ૨૬ | મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૭ | સોયાબીન | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨૮ | વરીયાળી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૨૯ | સુવાદાણા | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૩૦ | કલોંજી | ૩૦૩૦ | ૩૦૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૧૦ | ૧૩૮૬ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૧૪૧ |
| ૩ | તલ કાળા | ૨૩૦૦ | ૩૪૦૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૮૪૨ |
| ૫ | બાજરો | ૩૨૧ | ૫૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૦ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૧૦૦૨ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | મગ | ૧૪૭૧ | ૨૦૫૦ |
| ૧૦ | અડદ | ૧૫૦૨ | ૧૫૦૨ |
| ૧૧ | તુવેર | ૯૦૧ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| ૧૩ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૮૦ | ૧૫૧૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૩૦ |
| ૩ | શીંગ નવી | ૧૪૫૦ | ૧૬૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૮૦ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૫૧ |
| ૬ | જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૦ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૧૯૨૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૩૦ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૮૨૫ |
| ૧૩ | ચણા | ૧૦૨૫ | ૧૦૭૩ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૪૦ | – |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૧૬ | એરંડી | ૧૨૨૦ | ૧૨૬૫ |
| ૧૭ | મેથી | ૧૨૫૦ | ૧૩૩૦ |
| ૧૮ | ધાણા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| ૧૯ | સોયાબીન | ૧૧૦૦ | ૧૨૫૦ |

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા – અમારા અસીલ **જમીન ખરીદનાર નિર્મળભાઈ જયતાભાઈ ચાવડા** રહે :– સોમનાથ સોસાયટી, શેરી નં.૨, રણુજા મંદિરની પાછળ, કોઠારીયા મેઈન રોડ–રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ત્રંબોડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન **ખોડાભાઈ ગોકળભાઈ કાચા તથા રાજેશભાઈ ગોકળભાઈ કાચા બંને રહે :– માલાબાપા, પુનીત સોસાયટી, કોઠારીયા રોડ નવદુર્ગા ૩૦ ફુટ રોડ–રાજકોટ** વાળાના નામે આવેલ છે. જે ખેતીની જમીન વેચાણ દસ્તાવેજથી **અમારા અસીલ નિર્મળભાઈ જયતાભાઈ ચાવડા** રહે :– સોમનાથ સોસાયટી, શેરી નં.૨, રણુજા મંદિરની પાછળ, કોઠારીયા મેઈન રોડ–રાજકોટ વાળા વેચાણ લેવા માંગે છે. જે ખેતીની જમીનની વિગત નીચે મુજબ છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | ખોડાભાઈ ગોકળભાઈ કાચા<br>રાજેશભાઈ ગોકળભાઈ કાચા | ૮૪૩ | ૧૨૭ | ૧–૪૭–૧૬ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબ્જા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગત વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **નિર્મળ ભાઈ જયતાભાઈ ચાવડા**ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૧૩–૦૫–૨૦૨૬**

**અમારા અસીલ**
**શ્રી નિર્મળભાઈ જયતાભાઈ ચાવડાની**
**સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**
રાજકોટ – ભાવનગર હાઈ–વે, મામલતદાર ઓફીસની બાજુમાં,
રામકૃષ્ણ કોમ્પલેક્ષ ઓફીસ નં. ૧, મુ.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૭૦ | ૪૫૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૮૩ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૪૧ |
| ૫ | ધાણા | ૧૫૩૦ | ૨૧૫૧ |
| ૬ | જીરૂ | ૩૧૯૦ | ૩૧૯૦ |
| ૭ | મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૮ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૨૫ |
| ૯ | મગફળી | ૧૧૬૦ | ૧૨૦૧ |
| ૧૦ | મેથી | ૧૧૬૦ | ૧૨૩૦ |
| ૧૧ | સોયાબીન | ૧૩૪૦ | ૧૩૭૫ |
| ૧૨ | શીંગફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૧૪ | તલકાળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૫ | જુવાર | ૫૦૦ | ૫૪૦ |

## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી કીકાણી મગનભાઈ શામજીભાઈ
રહે. કમીગઢ, તા.જી. અમરેલી.

અપીલ રજી નં. ૯૧/૨૦૨૬

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.કમીગઢ, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કમીગઢ ગામમાં અરજદારશ્રી **કીકાણી મગનભાઈ શામજીભાઈ** તેઓના ભાણકી **રેખાબેન પુનાભાઈ રામાણી**ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૦૬–૦૫–૨૦૨૬** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા – અમારા અસીલ **જમીન ખરીદનાર ચોવટીયા વિઠલભાઈ વલ્લભભાઈ** રહે :– ૭, શિવનગર શેરી નં.૧, ગ્રીનલેન્ડ ચોકડી પાસે, રાજકોટ તથા ચોવટીયા રમેશભાઈ વલ્લભભાઈ રહે :– બેડલા, તા.જી. રાજકોટ તથા ચોવટીયા જગદિશભાઈ વશરામભાઈ રહે :– આંબાવાડી, બાલકૃષ્ણ સોસાયટી, શેરી નં. ૨૪, માર્કેટિંગ યાર્ડ પાસે, સંતકબીર રોડ–રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **કલોરાણા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન **વાઘજીભાઈ પોપટભાઈ ઢાંકેચા વિ. રહે :– સરધાર, તા.જી. રાજકોટ** વાળાના નામે આવેલ છે. જે ખેતીની જમીન વેચાણ દસ્તાવેજથી **અમારા અસીલ ચોવટીયા વિઠલભાઈ વલ્લભભાઈ** રહે :– ૭, શિવનગર શેરી નં.૧, ગ્રીનલેન્ડ ચોકડી પાસે, રાજકોટ તથા ચોવટીયા રમેશભાઈ વલ્લભભાઈ રહે :– બેડલા, તા.જી. રાજકોટ તથા ચોવટીયા જગદિશભાઈ વશરામભાઈ રહે :– આંબાવાડી, બાલકૃષ્ણ સોસાયટી, શેરી નં. ૨૪, માર્કેટિંગ યાર્ડ પાસે, સંતકબીર રોડ–રાજકોટ વાળા વેચાણ લેવા માંગે છે. જે ખેતીની જમીનની વિગત નીચે મુજબ છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | વાઘજીભાઈ પોપટભાઈ ઢાંકેચા<br>ઓતીબેન વાઘજીભાઈ ઢાંકેચા<br>દિલીપભાઈ વાઘજીભાઈ ઢાંકેચા<br>મીનાબેન વાઘજીભાઈ ઢાંકેચા<br>વિશાલભાઈ વાઘજીભાઈ ઢાંકેચા<br>રંજનબેન વાઘજીભાઈ ઢાંકેચા | ૬૫૭ | ૩૪ પૈકી ૨<br>૩૪ પૈકી ૩<br>૩૪ પૈકી ૧/પૈકી ૩ | ૧–૧૧–૨૮<br>૦–૯૭–૧૩<br>૦–૫૯–૩૬ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબ્જા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગત વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **ચોવટીયા વિઠલભાઈ વલ્લભભાઈ** તથા **ચોવટીયા રમેશભાઈ વલ્લભભાઈ** તથા **ચોવટીયા જગદિશભાઈ વશરામભાઈ** ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૧૩–૦૫–૨૦૨૬**

**અમારા અસીલ**
**શ્રી ચોવટીયા વિઠલભાઈ વલ્લભભાઈ તથા**
**શ્રી ચોવટીયા રમેશભાઈ વલ્લભભાઈ તથા**
**શ્રી ચોવટીયા જવિદશભાઈ વશરામભાઈની**
**સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**
રાજકોટ – ભાવનગર હાઈ–વે, મામલતદાર ઓફીસની બાજુમાં,
રામકૃષ્ણ કોમ્પલેક્ષ ઓફીસ નં. ૧, મુ.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૩૦ | ૧૩૩૧ |
| ૨ | ઘઉં | ૪૦૬ | ૪૫૧ |
| ૩ | ચણા | ૮૫૦ | ૧૦૪૫ |
| ૪ | તુવેર | ૯૭૫ | ૧૩૦૫ |
| ૫ | ધાણા | ૨૦૭૫ | ૨૦૭૫ |
| ૬ | એરંડા | ૧૦૦૧ | ૧૦૩૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૭૫૫ | ૧૭૫૫ |
| ૮ | મગ | ૧૬૫૦ | ૧૬૭૫ |
| ૯ | તલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | કાળા તલ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૧૧ | કલોંજી | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૨ | રાયડો | ૧૦૭૫ | ૧૦૭૫ |

### આર્થિક અસ્થિરતા વચ્ચે ''સોના''નુ મહત્વ અનેરૂ

# સ્ત્રીધન પર તરાપ, સોનું એ માત્ર દાગીના નહીં, ભારતની આર્થિક સુરક્ષાનું અચલ કવચ છે

### સોનું એ શરીરના 'શ્વેત કણ' જેવું જીવનરક્ષક અને ૧૦૦% સોશ્યલ સિક્યોરિટી

સાવરકુંડલા, તા. ૧૩

વર્તમાન સમયમાં જયારે પેપર અને ડિજિટલ કરન્સીના ચલણ વચ્ચે આર્થિક અસ્થિરતાના વાદળો ઘેરાઈ રહ્યા છે, ત્યારે ભારતીય સંસ્કૃતિમાં 'સોના'ના મહત્વને નવેસરથી સમજવાની જરૂર ઊભી થઈ છે. સોનું એ માત્ર દેખાડો કે અલંકાર નથી, પણ આપણા વડવાઓએ સ્થાપેલી એક મજબૂત આર્થિક સુરક્ષાની વ્યવસ્થા છે. જે રીતે શરીરમાં ત કણો રોગપ્રતિકારક શકિત પૂરી પાડે છે, તેવી જ રીતે સોનું દેશ અને સમાજને આર્થિક કંગાળિયત સામે રક્ષણ આપે છે.

માત્ર ડિગ્રીઓ મેળવવાથી અર્થતંત્ર સમજાતું નથી; તેના માટે પાયાનું અર્થશાસ્ત્ર આત્મસાત કરવું પડે છે. પેપર કરન્સી ગમે ત્યારે 'ઓગળી' શકે છે કે 'અલોપ' થઈ શકે છે, જે પ્રજાને પાયમાલ કરી શકે. તેની સામે સોનું એ એક એવી અચલ કરન્સી છે જે મુશ્કેલીના સમયમાં વ્યકિત અને દેશને બેઠા રાખવાની ક્ષમતા ધરાવે છે. શંકર ચૌધરીના મોડેલને અનુસરીને, પશુધન અને પ્રાકૃતિક સંસાધનોના આધારે આર્થિક ઉન્નતિ સાધવી એ સમયની માંગ છે.

ભારત પાસે 'પશુધન' અને 'સૂર્યશકિત'નો અખૂટ ભંડાર છે. રાંધણ ગેસ જેવી આયાતી વસ્તુઓ પરની નિર્ભરતા ઘટાડી, છાણ અને ગોબર ગેસ જેવા સ્થાનિક ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ વધારવો જોઈએ. જો દોઢ અબજ ભારતીયો 'સુંડલા ભરીને સોનું' ખરીદવાની અને પોતાની માટી સાથે જોડાયેલી આર્થિક પરંપરાઓને જાળવવાની શકિત કેળવશે, તો જ ભારત ખરા અર્થમાં આત્મનિર્ભર બની શકશે. અન્યથા, આર્થિક ગુલામીની ગર્તામાં ધકેલાતા વાર નહીં લાગે.

# દામનગરની પટેલ વાડીમાં રક્તદાન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં દામનગર શહેર ખાતે આવેલી પટેલ વાડીમાં સામાજિક સેવા અને આરોગ્યલક્ષી જનકલ્યાણનાં હેતુથી રક્તદાન કેમ્પ તેમજ સર્વરોગ નિદાન અને નિઃશુલ્ક દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી આરોગ્ય તપાસણીઓનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ, સાંધાનાં દુખાવા સહિત વિવિધ રોગોની તપાસ કરવામાં આવી હતી. દર્દીઓને જરૂરી માર્ગદર્શન સાથે નિઃશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી. સાથે જ રક્તદાન કેમ્પમાં યુવાનો અને સમાજનાં આગેવાનો ઉત્સાહભેર જોડાયા હતા અને માનવસેવાનાં ઉત્તમ કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

આયોજકો દ્વારા જણાવાયું હતું કે, રક્તદાનએ મહાદાન સમાન છે અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી સાબિત થાય છે. સમાજમાં આરોગ્ય જાગૃતિ વધે અને લોકોને સમયસર સારવાર મળી રહે તે હેતુથી આવા કેમ્પોનું આયોજન સતત કરવામાં આવશે. કેમ્પનાં સફળ આયોજન બદલ સ્થાનિક આગેવાનો, ડોકટરો અને સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### મહેનત, લગન અને અડગ સંકલ્પનાં આધારે

# બાબરાનાં કીડી ગામનાં યુવક અનિલ ઝાપડીયાએ GPSCની પરીક્ષા પાસ કરી

### માત્ર ૩૩ વર્ષની વયે કલાસ-વન અધિકારી બન્યા

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકાના કીડી ગામના યુવાન અને પ્રતિભાશાળી અનિલ કેશુભાઈ ઝાપડીયાએ પોતાની મહેનત, લગન અને અડગ સંકલ્પના બળે સમગ્ર ગુજરાતમાં બાબરા પંથકનું નામ ગૌરવપૂર્વક રોશન કર્યુ છે. સામાન્ય પરિવારમાંથી આવતાં અનિલ ઝાપડીયાએ ખૂબ જ નાની ઉંમરમાં સતત સફળતાઓ મેળવી યુવાનો માટે પ્રેરણારૂપ સિધ્ધિ હાંસલ કરી છે.

અનિલ ઝાપડીયાએ માત્ર ૩૨ વર્ષની ઉંમરે બે વખત ક્લાસ-૨ અધિકારીની પરીક્ષા પાસ કરી હતી, જયારે હવે ૩૩ વર્ષની ઉંમરે ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા લેવામાં આવેલી Department of Science and Technology, Gujarat હેઠળ Assistant Director (IT) Class-1 Gazetted પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ઐતિહાસિક સફળતા મેળવી છે. તેમની આ સિદ્ધિ માત્ર ઝાપડીયા પરિવાર માટે જ નહીં પરંતુ કીડી ગામ, બાબરા તાલુકો તેમજ સમગ્ર અમરેલી જિલ્લા માટે ગૌરવની લાગણી બની છે.



અનિલ ઝાપડીયાએ પોતાની સફળતા અંગે જણાવ્યું હતું કેસતત મહેનત, યોગ્ય આયોજન અને પરિવારના સહકારના કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. તેમણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના યુવાનોને સંદેશ આપ્યો હતો કે મજબૂત મનોબળ અને સંકલ્પ હોય તો કોઈપણ પરિસ્થિતિ સફળતાના માર્ગમાં અવરોધ બની શકતી નથી.

ઉલ્લેખનીય છે કે Assistant Director (IT) Class-1 Gazetted તરીકે તેઓ રાજયના વિવિધ સરકારી વિભાગોમાં અદ્યતન ટેક્નોલોજીનો અમલ, ઈ-ગવર્નન્સને મજબૂત બનાવવું, ડિજિટલ સેવાઓનો વિકાસ, ડેટા મેનેજમેન્ટ, સાયબર સુરક્ષા તેમજ નવીન IT પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણ જેવી મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવશે. આ વિભાગ રાજયમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતા ક્ષેત્રે નીતિઓ ઘડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

અનિલ ઝાપડીયાની આ ભવ્ય સિદ્ધિને લઈને કીડી ગામ સહિત બાબરા પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ છે. વિવિધ સામાજિક, શૈક્ષણિક અને રાજકીય આગેવાનો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવી તેમની મહેનત અને પ્રતિભાને બિરદાવવામાં આવી રહી છે.

### શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સંકુલ સ્થિત

# અમરેલીની શ્રીમતી યુ.બી. ભગત સાયન્સ મહિલા કોલેજનુ ૯૫ ટકા પરિણામ

### કેરવી કારિયા, ધરીત્રી ઠાકર અને તન્વી ચત્રોલા અગ્રેસર







અમરેલી, તા. ૧૩

અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત શ્રીમતી યુ.બી. ભગત સાયન્સ મહિલા કોલેજનું ૯૫ ટકા પરિણામ મેળવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની કેરવી કારિયા, ધરીત્રી ઠાકર અને તન્વી ચત્રોલાએ અનુક્રમે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ કલાસ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

### મોંઘવારીનો વધુ એક માર

# અમૂલ દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૨ નો વધારો

### ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો મહત્તમ વેચાણ કિંમતમાં ૨.૫% થી ૩.૫% સુધીનો વધારો થયો છે

અમદાવાદ,તા.૧૩

ભારતની સૌથી મોટી દૂધ ઉત્પાદક સહકારી સંસ્થા, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, જે અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરે છે, તેણે દૂધના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે. અમૂલ દ્વારા પ્રતિ લિટર રૂપિયા ૨ નો વધારો કરવામાં આવ્યો છે, જે આવતીકાલથી એટલે કે ૧૪ મે ૨૦૨૬ થી સમગ્ર ભારતમાં અમલમાં આવશે.

અમૂલ દ્વારા કરવામાં આવેલો આ વધારો મુખ્ય વેરિઅન્ટ અને પેક પર લાગુ પડશે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો મહત્તમ વેચાણ કિંમતમાં ૨.૫%થી ૩.૫% સુધીનો વધારો થયો છે. જોકે, ફેડરેશનનું કહેવું છે કે આ વધારો વર્તમાન સરેરાશ ખાદ્ય ફુગાવા કરતાં ઓછો છે. નોંધનીય છે કે, અમૂલ દૂધના ભાવમાં છેલ્લે મે-૨૦૨૫માં ફેરફાર કરવામાં આવ્યો હતો, ત્યારબાદ એક વર્ષ પછી આ વધારો અમલી બન્યો છે.

આ ભાવ વધારા પાછળ મુખ્યત્વે પશુપાલકોના ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો જવાબદાર છે. છેલ્લા એક વર્ષમાં પશુ આહાર, દૂધ પેકેજિંગ ફિલ્મ અને બળતણના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે.અમૂલના સભ્ય સંઘોએ છેલ્લા એક વર્ષમાં ખેડૂતોને ચૂકવવામાં આવતા ભાવમાં પ્રતિ કિલો ફેટ દીઠ રૂ. ૩૦ (આશરે ૩.૭%) નો વધારો કર્યો છે.

અમૂલની સહકારી માળખાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ગ્રાહકો પાસેથી મેળવેલા પ્રત્યેક રૂપિયામાંથી આશરે ૮૦ ટકા રકમ સીધી દૂધ ઉત્પાદકોને પરત આપે છે.

આ ભાવ વધારાનો મોટો હિસ્સો પણ સીધો ૩૬ લાખ દૂધ ઉત્પાદકો પાસે જશે, જે તેમને દૂધનું ઉત્પાદન વધારવા અને પશુપાલન વ્યવસાયમાં ટકી રહેવા માટે પ્રોત્સાહન પૂરું પાડશે.આ નિર્ણયથી સામાન્ય ગૃહિણીઓના બજેટ પર અસર પડશે, પરંતુ બીજી તરફ લાખો પશુપાલકોને તેમના વધતા ખર્ચ સામે રક્ષણ મળશે.

### ભ્રામક પ્રચારોને ફગાવી વિકાસની ગતિ તેજ

# સાવરકુંડલાની શાનમાં થશે વધારો: વોર્ડ નં-૬ માં આઇકોનિક રોડ અને સરદાર સાહેબની પ્રતિમાનું થશે નિર્માણ

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના નેતૃત્વમાં શહેરને મળશે નવી અનોખી ઓળ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૬માં મંજૂર થયેલ આઈકોનિક રોડ અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના નિર્માણને લઈને પાલિકાના પૂર્વ પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને ઉપાધ્યક્ષ પ્રતિકભાઈ નાકરાણી દ્વારા સંયુકત નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. તેમણે સોશિયલ મીડિયામાં ફેલાતી ગેરસમજો અને રાજકીય પ્રેરિત વાતોનું ખંડન કરી હકીકત લોકો સમક્ષ મૂકી છે.

આ માત્ર રસ્તો નહીં, પણ શહેરના આધુનિકીકરણનું પ્રતીક બનશે. સાવરકુંડલાના ઈતિહાસમાં પ્રથમ વખત અખંડ ભારતના શિલ્પીની ભવ્ય પ્રતિમા અને આકર્ષક સર્કલનું નિર્માણ થશે.





વિકાસની હારમાળા: રિવરફ્રન્ટ, ફિલ્ટર પ્લાન્ટ અને સ્પોટ્‌ર્સ સંકુલ બાદ આ પ્રોજેક્ટ શહેરની શોભામાં ચાર ચાંદ લગાવશે. અખબારી યાદીમાં જણાવાયું છે કે, ટેન્ડર પ્રક્રિયા અને ટેકનિકલ મંજૂરીઓ સરકારી નિયમો અનુસાર ચાલી રહી છે. આ પ્રક્રિયાને કારણે કાર્ય શરૂ કરવામાં થોડો સમય લાગવો સ્વાભાવિક છે. ભાજપ સરકાર ગુણવત્તા અને લાંબા ગાળાના આયોજનમાં માને છે, તેથી નાગરિકોએ કોઈ પણપ્રકારની ગેરસમજમાં ન આવવા અપીલ કરવામાં આવી છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલાને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની ખાતરી આપવામાં આવી છે.

# સાવરકુંડલા : 'ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન' દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ: ભિક્ષુકોને 'પ્રભુનો પ્રસાદ' પીરસાયો



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં સામાજિક સેવા ક્ષેત્રે અગ્રેસર 'ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન' સંચાલિત 'પ્રભુનો પ્રસાદ' પ્રોજેકટ અંતર્ગત દરરોજની જેમ આજે પણ નિરાધાર અને ભિક્ષુક લોકોની જઠરાગ્નિ ઠારવાનું પુણ્યશાળી કાર્ય કરવામાં આવ્યું હતું. આજનો આ પ્રસાદ દાતા ઝુંબેદાઆંટીનાં સારા સ્વાસ્થ્યની કામનાં અર્થે અર્પણ કરવામાં આવ્યો હતો.

આજના ભોજન અને મીઠાઈનાં મુખ્ય દાતા ભારત સરકારનાં એડવોકેટ અને નોટરી ભરતભાઈ કાનજીભાઈ રાઠોડ હતા. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, પરમ કૃપાળુ પરમેશ્વર અમને કીડીને કણ અને હાથીને મણ આપવાની શક્તિ આપે અને અમે ફૂલ નહીં તો ફૂલની પાંખડી અર્પીને સમાજ પ્રત્યેનું અમારૂં ઋણ અદા કરી શકીએ તેવા આશીર્વાદ ઈચ્છીએ છીએ. આ સેવાકીય પ્રવૃત્તિમાં ભરતભાઈ કે. રાઠોડ, કંચનબેન ભરતભાઈ રાઠોડ, રોહનભાઈ બી. રાઠોડ, અરવિંદભાઈ મેવાડા, નીતિનભાઈ હેલૈયા અને નીલ મેવાડાએ પ્રત્યક્ષ હાજર રહીને ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. સંસ્થાએ રાઠોડ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### અમદાવાદમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી

# કાળઝાળ ગરમીને લઈ કચ્છ અને સુરેંદ્રનગરમાં ઓરેન્જ એલર્ટ

### આગામી ૩ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં હીટવેવ અને સુરત જેવા વિસ્તારોમાં સિવિયર હીટવેવની સ્થિતિ

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગુજરાતના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા, અમરેલીમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આજે પણ અમદાવાદમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી આસપાસ રહેવાની ધારણા છે.

આજે કચ્છ અને સુરેંદ્રનગરમાં ગરમીને લઈ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આજે બનાસકાંઠા, પાટણ, વડોદરા, ગાંધીનગર, અમદાવાદમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલે પણ કચ્છ અને સુરેંદ્રનગરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ગરમીનો પારો ૪૧થી ૪૫ ડિગ્રીની આસપાસ રહેશે.

આગામી ૩ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં હીટવેવ અને સુરત જેવા વિસ્તારોમાં સિવિયર હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ અને વડોદરામાં આકરી ગરમી પડશે.

અમદાવાદ સહિત અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

મંગળવાર ૧૨ મેના રોજ સુરેન્દ્રનગર ૪૫ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. ૪૪.૪ ડિગ્રી સાથે અમદાવાદમાં સીઝનની સૌથી વધુ ગરમી પડી હતી. જ્યારે ગાંધીનગર, રાજકોટ, વડોદરા, કંડલા એરપોર્ટમાં પણ ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર થતા શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આકાશમાંથી વરસતી લૂના કારણે હીટ સ્ટ્રોકના કેસ પણ વધ્યા છે. આકરા તાપથી બચવા લોકો બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

ઉનાળાની ઋતુમાં દરરોજ ઓછામાં ઓછું ૩ થી ૪ લીટર પાણી પીવો. ૩ લીટર પીવાના પાણીમાં ૧૦ ગ્રામ વેટીવરના મૂળ નાખીને સારી રીતે ઉકાળો, પછી આ પાણી આખા દિવસ દરમિયાન પીવો. હીટ સ્ટ્રોકથી બચવા માટે, આલ્કોહોલ, ગરમ અથાણું અને આથોવાળા એસિડિક ખોરાક લેવાનું ટાળો. હીટ સ્ટ્રોકથી બચવા માટે તમારા આહારમાં નારિયેળ પાણી, લીંબુનો રસ, તરબૂચ અને તરબૂચ જેવા મોસમી ફળોનો સમાવેશ કરો.

પોલિએસ્ટરથી બનેલા ચુસ્ત કપડાં પહેરવાનું ટાળો અને તેના બદલે ઢીલા-ફિટિંગ સુતરાઉ કપડાં પહેરો. ઘરની બહાર તડકામાં ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરવાનું ધ્યાન રાખો. સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યાની વચ્ચે સીધા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળો, કારણ કે તે હીટ સ્ટ્રોકનું કારણ બની શકે છે.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી

અમરેલી કેળવણી મંડળ સંચાલિત
કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય નૂતન સ્કુલ, અમરેલી
મારી સ્કુલ, નૂતન સ્કુલ...
સરકારી ગ્રાન્ટેડ નોમિનલ ફી માં ગુણવતાસભર શિક્ષણ આપતી એકમાત્ર શાળા
બાલમંદિર, ધો. ૧ થી ૫, ધો. ૬ થી ૮, ધો. ૯ થી ૧૨ (વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ) માં પ્રવેશ કાર્ય શરૂ છે
શાળાની વિશેષતાઓની એક ઝલક
- ૨૬ વર્ષથી વધુ સમય વર્ષના અનુભવ સાથેના વિષય નિષ્ણાંત શિક્ષકોની શ્રેષ્ઠ ટીમ
- શાળામાં ચેપ્ટરવાઇઝ, રીપીટેડલી ટેસ્ટ સાથે ઉપચારાત્મક શિક્ષણ
- ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડ એક્ઝામની તૈયારી દરેક વિષયનાં પુર્ણ કોર્ષનાં પેપરો દ્વારા
- ધો. ૯ થી ૧૨નાં તમામ વર્ગો સ્માર્ટ (ડિઝીટલ) કલાસ
- રમત-ગમતમાં હોકી, ખો-ખો અને ચેસ જેવી રમતોમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ ભાગ લીધેલ છે.
- વિશાળ મેદાન, અદ્યતન લાઈબ્રેરી, વિશાળ કોમ્પ્યુટર લેબ, વિશાળ વિજ્ઞાન પ્રયોગશાળાઓ
- બાયોનિકલ ગાર્ડન, સુંદર કલાવર્ગ તેમજ થીએટર જેવી સુવિધા ધરાવતી એકમાત્ર સ્કુલ
- બહેનો માટે બ્યુટીપાર્લરની કોર્ષ આધુનિક સાધનો ધરાવતી લેબોરેટરી સાથે
- બહેનો માટે અલગ જ કેમ્પસ (લીલાવંતીબેન વિભાગ, બસ સ્ટેશનની બાજુમાં અમરેલી)
- પાંચ કિ.મી.ની વધુ અંતરેથી અપડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા
- આપના બાળકનું અન્ય જગ્યાએ એડમિશન લેતા પહેલા સંસ્થાની એક મુલાકાત અવશ્ય લઈ
- શિક્ષણની શ્રેષ્ઠતાને જાણો
- ધો. ૧૨ સાયન્સ માટે JEE અને NEET તેમજ GUJCET જેવી પરીક્ષાઓની તૈયારી માટે સંપુર્ણ માર્ગદર્શન
ધો. ૯ માં પ્રવેશ મેળવતા દરેક વિદ્યાર્થીઓને શાળાનાં શિક્ષકો તરફથી યુનિફોર્મ ફ્રી, સરકાર તરફથી પાઠ્યપુસ્તક ફ્રી
પ્રવેશ માટેનો સમય સવારે ૮ થી બપોરે ૧૨:૩૦ સુધી
કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય નૂતન સ્કુલ, ચિતલ રોડ, અમરેલી
તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સમગ્ર શાળા પરિવાર અમરેલી કેળવણી મંડળ-અમરેલી
વિપુલભાઈ બી. વ્યાસ આચાર્યશ્રી




## બંધ સ્ટ્રીટલાઈટ, નર્કાગાર હાલતમાં રહેલ જાહેર શૌચાલયો, અનિયમિત પાણી વિતરણ જેવી સમસ્યાઓ દૂર કરવી પડશે

# અમરેલીમાં નવનિયુક્ત થનાર પાલિકાનાં શાસકો સામે અનેક પડકારો

**આગામી અઠવાડીયે પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી થઈ રહી છે**

**ચૂંટણી દરમિયાન શહેરીજનો સમક્ષ રજૂ કરેલ સંકલ્પપત્રમાં દર્શાવેલ દરેક કાર્યો પુરા કરવા પડશે**

**જો પાલિકાનાં શાસકો શહેરીજનોની અપેક્ષા પૂર્ણ કરશે તો દોઢ વર્ષ બાદ યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને થશે ફાયદો**

**જો ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાનાં માર્ગદર્શનતળે શાસકો કામગીરી કરશે તો ચોક્કસ શહેરનો વિકાસ થશે**







અમરેલી, તા. ૧૩

અમરેલી સહિત જિલ્લાની સાવરકુંડલા, બગસરા, ધારી, બાબરા અને દામનગર પાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હોય અને આગામી મંગળવારે પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થવાની હોય તે સમયે તમામ પાલિકાનાં પદાધિકારીઓને શહેરની નાની-મોટી સમસ્યાનું નિરાકરણ કરવાનો પડકાર છે.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં ચિતલ રોડ, બાયપાસ સહિત ઠેકઠેકાણે સેંકડોની સંખ્યામાં બંધ સ્ટ્રીટલાઈટ જોવા મળી રહી છે તેમજ ચિતલ રોડ, લાઠી રોડ સહિતનાં માર્ગો પહોળા બની જતાં હયાત સ્ટ્રીટલાઈટ બદલીને હાઈ વોલ્ટેજની સ્ટ્રીટલાઈટ લગાવવી પડશે.

તદુઉપરાંત, શહેરમાં સૌથી વધુ વિકરાળ સમસ્યા રખડુ શ્વાન, આખલાઓ અને ગાયની છે જેનું સૌને વિશ્વાસમાં લઈને નિરાકરણ કરવું પડશે તેમજ શહેરમાં અનિયમિત પાણી વિતરણની વ્યવસ્થાને નેસ્તનાબુદ કરીને દરરોજ નિયત સમયે પાણી વિતરણ કરવાનો પણ પડકાર છે.

તદુઉપરાંત, શહેરમાં આવેલ લગભગ તમામ જાહેર

અનુસંધાન પાના ૬ ઉપર

### માંગવાપાળ ગામ નજીક અકસ્માતની ઘટના બની

## અમરેલીનાં રાજસ્થળી ગામનાં યુવકનું એસ.ટી. બસ હડફેટે આવી જવાથી મોત

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે રહેતાં મુકેશભાઈ જેઠાભાઈ પરમાર નામનાં વકીલાતના નાના ભાઈ ભાવેશભાઈ ગત તા. ૭ના

અનુસંધાન પાના ૬ ઉપર

### સુરતથી આવીને ધંધાર્થે જતાં હોય તે સમયે

## ધરાઈનાં આશાસ્પદ ખેડૂત યુવકનું બાઈક પરથી પડી જતાં મોત : અરેરાટી

**પરિવારજનોએ મૃતકનાં આત્માની શાંતિ માટે સેવાકાર્ય કર્યુ**

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકાનાં ધરાઈ ગામનાં વતની અને હાલ સુરત રહેતાં ડાયાભાઈ ભીમજીભાઈ સતાણી ગત તા. ૨૫નાં રોજ ધંધાર્થે જતા હતા ત્યારે

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પ્રત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી



















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)